પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૬/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૧૫૫

સુવિચાર

જીવન સંગ્રામમાં સફળ થવા માટે દિમાગ, હાથ અને હૈયું એ ત્રણેનો સાથ લેવો પડે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
- હૃદયરોગ - બીપી
- શ્વાસ - દમ - ન્યુમોનિયા
- પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
- પોઈઝન - સર્પદંશ
- ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે

ડૉ. રાજન કકૈયા
(એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦

ભાજપમાં ઉભી થયેલ જુથબંધી બાદ હાઈકમાન્ડે કોઈ એકશન ન લીધું

અમરેલી જિલ્લાનાં રાજકારણમાં અંતે ઘીનાં ઠામમાં ઘી પડી ગયું

ભાજપનો ઐતિહાસિક વિજય થતાં ભાજપનાં નારાજ અને રાજી નેતાઓ વચ્ચે અણબનાવમાં ઘટાડો થયો

જાગ્યા ત્યાંથી સવાર ગણીને ભાજપ અને કોંગ્રેસનાં તમામ રાજકીય આગેવાનો એક બની જિલ્લાનો વિકાસ કરે તે જરૂરી

જિલ્લાની ૧૫ લાખ જનતાને વિકાસનાં ફળ ચાખવા હોય તમામ નેતાઓ સક્રીય બને

અમરેલી જિલ્લાનો સર્વાંગ વિકાસ કરવાનો પડકાર સૌએ ઝીલી લેવો જોઈએ

અમરેલી, તા. ૧૨

અમરેલી લોકસભા ચૂંટણીનાં પ્રારંભ ઉમેદવારની પસંદગી બાબતે ભાજપની આંતરિક જુથબંધી સપાટી પર આવી હતી અને તેના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર રાજયમાં પડયા હતા અને ભાજપનાં ઉમેદવાર વિજેતા થશે કે જુથબંધીનો ભોગ બનશે તેવી અનેક અટકળો વચ્ચે ચૂંટણી કાર્ય શરૂ થયું હતું.

પરંતુ લોકસભા વિસ્તારનાં મતદારોએ ભાજપની જુથબંધીને નજરઅંદાજ કરીને ભાજપનાં ઉમેદવાર કરતાં ભાજપનાં ચૂંટણી નિશાન અને પ્રધાનમંત્રીની કાર્યશૈલી નિહાળીને ખોબલે-ખોબલે ભાજપ તરફી મતદાન કરતાં ભાજપનાં ઉમેદવારનો ઐતિહાસિક મતોથી વિજય થયો હતો.

જો કે બાદમાં ભાજપની ચાલતી જુથબંધી પણ સંકેલાઈ ગઈ હોય તેવું જોવા મળી રહ્યું છે અને ભાજપનાં અસંતુષ્ઠ આગેવાનો સામે શિક્ષાત્મક પગલા લેવાની કોઈ કાર્યવાહી ન થતાં અંતે ઘીનાં ઠામમાં ઘી પડી ગયાનું લાગી રહ્યું છે.

રાત્રિનાં સમયે બનાવ બન્યો

અમરેલી-સાવરકુંડલા માર્ગ ઉપર બાઈક સ્લીપ થતાં ચાલકનું મોત

ચાલકનું સારવાર દરમિયાન મોત થયું

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે રહેતા પ્રકાશભાઈ રમેશભાઈ માંડવીયા નામનાં ૩૦ વર્ષિય યુવક ગત તા. ૨૩/૫ના સાંજના આશરે સાડાસાતેક વાગ્યે પોતાનું મોટર સાયકલ લઈને તેના મોટાભાઈ સંજયભાઈને સાવરકુંડલા ગામે મુકવા ગયેલ હતા અને રાત્રીના આશરે બે-અઢી વાગ્યાના અરસામાં સાવરકુંડલાથી પોતાનું મોટર સાયકલ જી.જે.-૧૪ એએલ-૫૨૧૩ નું લઈને પરત આવતા હતા તે દરમ્યાન લાપાળીયા ગામથી ગોખરવાળા ગામ તરફ હાઈવે ઉપર મોટર સાયકલ અચાનક સ્લીપ થઈ જતા પ્રકાશભાઈને શરીરે, માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

કળિયુગનાં દિવસોમાં ભાઈ-ભાઈ વચ્ચે ડખ્ખો

લીલીયાનાં વાઘણીયા ગામે ભાઈ-ભાઈ વચ્ચે ગાળો બોલવા બાબતે મારામારી

પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૨

લીલીયા તાલુકાના વાઘણીયા ગામે રહેતા સંજયભાઈ લક્ષ્મણભાઈ ચોપડા નામનાં ૩૮ વર્ષિય યુવકના સગા ભાઈ આરોપી વિજયભાઈ લક્ષ્મણભાઈ ચોપડા તા. ૧૦ના રાત્રીના આશરે નવેક વાગ્યે ગાળો બોલતા હોય. જેને ગાળો બોલવાની ભાઈએ ના પાડતા યુવકને ધોકા વડે માર મારતા યુવકને માથાના ભાગે તેમજ ખંભાના ભાગે તથા જમણા હાથની કલાઈ ઉપર ધોકો મારી મુંઢ ઈજા કરેલ હોય તેમજ અન્યને પણ જમણી આંખના નેણ ઉપર ધોકો મારેલ હોય અને યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

હાઈવે ઓથોરીટીનાં અધિકારી અને પ્રાંત અધિકારીને રજૂઆત

રાજુલાનાં વીકટર નજીકથી પસાર થતાં નેશનલ હાઈવે સાથે સાઈડ રોડ અને ગટરને જોડવા ગામજનોની માંગ

ચોમાસામાં ઠેર-ઠેર પાણી ભરાઈ જવાની દહેશત વ્યકત કરવામાં આવી

રાજુલા, તા. ૧૨

રાજુલા તાલુકાના વિકટર ગામેથી ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પસાર થાય છે. જેમાં નેશનલ હાઈવે ફોરલેનની કામગીરી ચાલુ છે તેમાં નેશનલ હાઈવે ફોરલેન પર ઓવરબ્રિજ બનાવવામાં આવેલ છે. આ ઓવરબ્રિજની બાજુમાં સાઈડ રોડની બાજુમાં ગટર ન બનાવવામાં આવતા ચોમાસામાં વરસાદી પાણી લોકોનાં ઘરોમાં ભરાઈ તેવી ભીતી સેવાઈ રહી છે તેમજ બીજી તરફ અહિયાં વિકટર પોર્ટ રોડ તથા રહેણાંક વિસ્તાર તરફ જતા રોડનું લેવલ કામગીરી કરવામાં આવેલ નથી જેથી વાહનચાલકોને તકલીફ પડી રહી છે. આ અંગે વિકટરનાં ગ્રામજનો દ્વારા પ્રોજેકટ ડાયરેકટર નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા ભાવનગર

અનુસંધાન પાના ૬ ઉપર


Krishna DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Kelvinator
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
Kelvinator ઈલિક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
RAM ENTERPRISE
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૨૭૪ ૫૯૫૪૭

Sheetal
માત્ર ₹20/-
ટેસ્ટ સાથે હેલ્થ
શીતલ
મસાલા છાશ

એકવીસમી સદીમાં પીવાનાં પાણી વિતરણનો સમય નકકી થતો નથી

લ્યો બોલો : બાબરામાં બળબળતા બપોરે પાણી વિતરણ થાય

પાણી વિતરણ કરનાર કર્મચારીને ઈચ્છા પડે ત્યારે પાણીનું વિતરણ કરતાં હોય ગૃહિણીઓ પરેશાન

કાળઝાળ ગરમીમાં ગૃહિણીઓને પરાણે પાણી ભરવા મજબુર થવું પડે છે

પાલિકાનાં શાસકો ગૃહિણીઓની સમસ્યા દૂર કરવા માટે કોઈ કાર્યવાહી કરે તેવી માંગ

સવારનાં સમયે જ પાણી વિતરણ કરવાનું ટાઈમ ટેબલ ગોઠવવું જોઈએ

બાબરા, તા. ૧૨

બાબરા શહેરમાં છેલ્લા ૧૦૦ દિવસથી કાળઝાળ ગરમી પડી રહી છે અને તાપમાનનો પારો ૪૨થી ૪૪ ડીગ્રી વચ્ચે હોય અને સૌ કોઈ બપોરનાં સમયે આરામમાં હોય તે સમયે જ પાણી વિતરણ કરવામાં આવતાં ગૃહિણીઓની શાંતિમાં ખલેલ પહોંચે છે અને એકવીસમી સદીનાં આધુનિક યુગમાં પાલિકાનાં શાસકો પાણી વિતરણનો સમય નકકી કરી શકતા નથી.

પાલિકાનાં શાસકોની જવાબદારી છે કે શહેરમાં સ્વચ્છતા, સ્ટ્રીટલાઈટ, પાણીનું નિયમિત અને સમયસર વિતરણ કરવામાં આવે. પરંતુ પાણી વિતરણનું ટાઈમટેબલ જ નથી વાલ્મેનને ઈચ્છા પડે ત્યારે પાણી વિતરણ કરવામાં આવતાં ગૃહિણીઓમાં નારાજગી ઉભી થઈ છે.

સામાન્ય રીતે પાણી વિતરણ સવારનાં ૬ થી ૧૦ વચ્ચે જ કરવું જોઈએ કારણ કે બાદમાં ગૃહિણીઓ ઘરકામ અને આરામમાં હોય અને સાંજના સમયે કોઈ વ્યવહારીક કે ખરીદીનાં કાર્યો કરી શકે. જેથી પાલિકાનાં શાસકોએ પાણી વિતરણ સવારનાં મસયે કોઈ સમય નકકી કરીને ત્યારે જ પાણી વિતરણ કરવું જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

૭મે નાં રોજ ચૂંટણી ફરજમાં જતાં હોય ત્યારે

રાજુલા નજીક નેશનલ હાઈવે વિભાગની બેદરકારીથી અકસ્માત થતાં બે શિક્ષિકા ઈજાગ્રસ્ત

ઈજાગ્રસ્ત શિક્ષિકાએ સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમરેલી તા. ૧૨

રાજુલા ખાતે રહેતા પ્રસાદ કલાવંતી બહેને સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે.

ફરિયાદમાં જણાવેલ છે કે, હું અને ચૌધરી કલ્પાબેન અમો બંને રાજુલા તાલુકાનાં રામપરા–૨ ગામે હાઈસ્કૂલમાં ટીચર તરીકે સર્વિસ કરીએ છીએ.

તા. ૭/૫/૨૪નાં રોજ લોકસભાની ચૂંટણી હોય અમારી બંનેની ઈલેકશન સબબની ડ્યુટી કોવાયા ગામે હોય અને અમો બંન્ને રાજુલાથી મારી સ્કુટી લઈને કોવાયા ગામે જવા નીકળેલા. અમો બંનેએ હેલ્મેટ પહેરેલા હતા. અમારે હીડોરણા ચોકડીથી જાફરાબાદ રોડે થઈને કોવાયા જવાનું હતું પરંતુ ફલાયઓવર પાસે કોઈ ટ્રાફિકનાં કે જે તે ગામ બાજુ જવાના બોર્ડ હાઈવે ઓથોરીટી તરફથી લગાડેલ ન હતા. જેથી અમોને સમજણમાં આવેલ કે અમો રસ્તો ભુલેલ છીએ. જેથી અમોએ ધીમી સ્પીડે યુ ટર્ન લીધેલો અને પરત ફરતા કાગવદર થી રાજુલા તરફ જતા રોડ પર આગળ જતા બારપટોળી ગામનુ બોડથી થોડે આગળ જતાં ત્યાં હાઈવે ઉપર માટીનો ઢગલો હતો અને થોડી માટી રોડ પર ફેલાયેલી હતી. જેથી આ માટી પર સ્કુટી ડ્રાઈવ કરતા ગાડી એકદમ માટીના ઢગલા ઉપર ચડી જતા સ્કુટીનું બેલેન્સ ન જળવાતા અમો બંને આર.સી.સી. રોડ પર પડી ગયેલ. અને અમો બંનેને ઈજાઓ થયેલી જેમાં ચૌધરી કલ્પનાબેન અમરસિંહભાઈને વધુ ઈજાઓ થયેલ. જેથી મેં બનાવની જાણ ચૌધરી કલ્પનાબેન અમરસિંહભાઈનાં પતિ ચેતનભાઈને કરેલ અને મેં ૧૦૮ એમ્બ્યુલન્સને બીલાવેલ અને ત્યાં બે–ત્રણ અજાણ્યા માણસો મદદમાં પણ આવેલાં અને એમ્બ્યુલન્સ અને ચેતનભાઈ આવતા અમોને રાજુલા જનરલ સરકારી હોસ્પિટલે સારવાર માટે લઈ ગયેલ. બનાવની જાણ ફોનથી સરકારી ખાતઓને કરેલી.

આ બનાવમાં મને કમરમાં ઈજા થયેલી મને અને ચૌધરી કલ્પનાબેન અમરસિંહભાઈની ત્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવેલી. સાથેના ચૌધરી કલ્પનાબેન અમરસિંહભાઈને કરોડરજુમાં ગંભીર ઈજા હોય તેને મહુવા રીફર કરેલા અને મને ઓર્થોપેડિક ડોકટર સીસારાનાં રાજુલા ખાતેનાં દવાખાને લઈ ગયેલ. ચૌધરી કલ્પનાબેન અમરસિંહભાઈ ને ભાવનગર અને ત્યાંથી અમદાવાદની ખાનગી સ્ટર્લીંગ હોસ્પિટલમાં લઈ ગયેલા જયાં તેમનું કરોડરજુની ઈજાનું ઓપરેશન કરાયેલ. ચૌધરી કલ્પનાબેન અમરસિંહભાઈને અમદાવાદ સ્ટર્લીંગ હોસ્પિટલમાં આશરે ૧૮ દિવસ જેટલા દાખલ કરાયેલા. મને કમરમાં થયેલ ઈજા સબબ સીસારા સાહેબ ઓર્થોપેડીક ડોકટર ૨૦ દિવસ બેડરેસ્ટની સલાહ આપેલ.

આ બનાવ તા. ૭/૫/૨૦૨૪નાં રોજ સવારે આશરે આશરે ૫:૩૦ વાગે કાગવદર થી રાજુલા જતા હાઈવે ઉપર બનેલ અને જે જગ્યાએ અમો બંને પડે ગયેલ એ વિસ્તારમાં રોડ પર કોઈ ગામમાં કે ટ્રાફિકનાં ચિન્હો હતા નહી. માટીનો જે ઉચો ઢગલો હતો જેની માટે રોડ પર ફેલાયેલી હતી. આ માટીના ઢગલાને કોઈ બેરીયર્સ કે બેરીકેટીંગ કરેલ ન હતું. જેનાં કારણે એ બ્લાઈનટ સ્પોટ હતા. અને આ માટીના ઢગલાને સાઈડમાં હટાવવાની કાઈ કાળજી લેવાયેલ ન હતી. જેનાથી અમારી સ્કુટી તથા અમો બનને ઈજાઓ થયેલ હતી.

આ બનાવમાં નેશનલ હાઈવે ઓથોરીટી કેતેના કોન્ટ્રાકટરની બેદરકારી છે. અને એ લોકોએ સાઈટ સેફટી પોગ્રામની કોઈ અમલવારી કરી શકેલ નથી. બનાવની જગ્યાએ કે તેની આજુબાજુનાં રોડ પર કોઈપણ જાતના કોમ્યુનિકેશન સિગ્નલો ન હતા. માટીનાં ઢગલા પાસે રંગીન કે ઈલેકિટ્રફાઈગ કોન મુકેલા ન હતા. રોડનાં કોન્ટ્રાકટર્સ કોણ છે તેનું પણ કોઈ બોર્ડ નથી. આ રોડનું કામ સાતવર્ષથી ચાલુ હોવ છતાં અધૂરૂ છે.

અમો બંને એ પહેરેલા હેલ્મેટને પણ નુકસાન થયેલ છે. નેશનલ હાઈવે ઓથોરીટીએ જે સામાન્ય લોકોની સલામતી માટે જે ગંભીરતા દાખવવી જોઈએ તે કરવામાં નિષ્ફળ રહેલ છે આ બનાવનાં દિવસે જ લોકસભાની ચૂંટણીમા અમારી ફરજ હોય મે બનાવની જાણ પ્રાતઅધિકારી સાહેબને ફોનથી કરેલ. આ બનાવ બનેલી જગ્યાનાં ફોટાઓ તા. ૭/૫/૨૪નાં રોજ સાંજે પાડેલ છે. અને વિડયોગ્રાફી પણ કરેલ છે જેમાં કોઈપણ કોમ્પ્યુનિકેશનનાં કે ચતેવણીનાં બોર્ડ નથી.

આ ફરિયાદ મોડી થવાનું કારણ એ છે કે ચૌધરી કલ્પનાબેન અમરસિંહભાઈ અમદાવાદ સારવારમાંથી હમણાં પરત આવેલ છે અને એ પછી ફરિયાદ કરેલ છે અને ચૌધરી કલ્પનાબેન અમરસિંહભાઈનો જમો હાથ અને બંને પગ કામ કરતા નથી અને સહી કરી શકે એમ નથી.

જેથી આ બનાવમાં નેશનલ હાઈવે ઓર્થોરીટી કે તેમના પ્રોજેકટ મેનેજર કે કોન્ટ્રાકટરની જેની જવાબદારી નકકી થતી તેઓએ નેશનલ હાઈવે રોડ ઉપર માટીનો ઢગલો કરેલ અને પાળી કરેલ અને તે જગ્યાએ કોઈ પણ જાતના સાઈન બોડકે ડ્રાઈવરજન લગત બોડ કે અન્ય કોઈ નીશાનીઓ રાખેલ ન હતી જે તેઓએ માનવ જીંદગી સલામતી જોખમમાં મુકાય તેવું બેદરકારી ભર્યુ કામ કરેલ છે. જેના કારણે અમોને ઈજાઓ થયેલ છે. જેથી તેમના વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા જણાવતા નિયમાનુસાર ફરિયાદ નોંધાઈ છે.

અમરેલી જિલ્લાની મહિલા વોલીબોલ ટીમ વિજેતા થઈ

અમરેલી, તા.૧૨

નડિયાદ ખાતે રાજયકક્ષાએ મહિલા વોલીબોલ ટીમ અમરેલી જિલ્લા અને પુરૂષો વોલીબોલ ટીમ અમરેલી જિલ્લા નડિયાદ ખાતે રમવા ગયેલ ત્યાં પુરૂષોની ટીમ કવાર્ટર ફાઈનલમાં ખેડા સામે રમતા હાર થઈ હતી જયારે મહિલા ટીમ પુરૂષોની ટીમનું યોગ્ય માર્ગદર્શન લઈને ફાઈનલ સુધી પહોંચી હતી તેમાં વડોદરા અને અમરેલી વચ્ચે ખુબ સરસ લડાયક જંગ જામ્યો હતો તેમાં વડોદરાનો વિજય થયો હતો અને અમરેલી જિલ્લાનો પ્રથમ વખત રમતા ખુબસરસ રમીને બીજા નંબરે રહ્યા હતા જેમાં અલકાબેન વસાણી, ભાવનાબેન ટાંક, બલદાણીયા અમીષા, સોનારા ગાયત્રી, નીતાબેન ચૌહાણ, વેદુકાબેન કાનપરીયા, મંજુલાબેન પડાયા, રમાબેન જાદવ, પ્રતિભાબેન જોશી, ખેલૈયા દ્વારા વોલીબોલ રમી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ.

જાહેર– નોટીસ

અમો નીચે સહી કરનાર **મહેન્દ્ર એ. જાદવ એડવોકેટ** આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જાણ કરીએ છીએ કેઃ– ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલીના સબ–ડીસ્ટ્રીકટ અમરેલી શહેરના રે.સર્વે.નં.૧૧૧ પૈકીના જી.આઈ.ડી.સી. માહેના ઔદ્યોગીક પ્લોટો તે પૈકીના પ્લોટ નં.૫૭ની કુલ જમીન ચો.મી. ૧૨૨૬–૧૪ની ભાડાપટ્ટાની મિલ્કત આવેલ છે. સદરહું મિલ્કત હાલ રોહીત પ્રતાપભાઈ મોદી કબજા ભોગવટાની આવેલ છે. તેવુ તેઓ અમારી સમક્ષ જાહેર કરેલ છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતાને જણાવવાનુ કે ઉપર કહી મિલ્કત અમારા અસીલ ઉપર કહ્યા પક્ષકાર પાસેથી ભાડાપટ્ટા (લીઝ ટ્રાન્સફર)/વેંચાણથી તબદીલી કરવા ઈચ્છા ધરાવે છે. સદરહું મિલ્કત ઉપર અન્ય કોઈનુ કાંઈપણ પ્રકારનું લેણદેણ, હકક, હિત, હિસ્સો, ભાગલાગ, અગ્રહક, ગીરોબોજો, તારણ, ભાડુઆતી હકક, વારસાઈ હકક, ભરણપોષણ તથા કૌટુંબીક હકક હોય તો તેમણે નીચે સહી કરનારને નીચે દશાર્વેલ સરનામે આ નોટીસ પ્રસીધ્ધ થયાની તારીખથી દિવસ–૧૦(દશ)માં લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી તેમ નહિ કરવામાં આવ્યેથી કોઈનું કાંઈપણ પ્રકારનું લેણુ નથી કે કોઈ કાંઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ભાગલાગ કે ભાડુઆતી હકક નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે. તેમ માની આ મિલ્કતનો રજીસ્ટ્ર્ડ દસ્તાવેજ અમારા અસીલ પોતાના જોગ કરાવી લેશે. અને ત્યારબાદ કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો વાંધા કે તકરાર લેવાનો હકક રહેશે નહી. જેથી આથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

આજરોજ રાજકોટ. તા. –૫–૨૦૨૪
અમારા મારફતઃ–
C/o, મે. એ એમ. કોઠારી. એડવોકેટસ.
૨૦૩–ડોકટર પ્લાઝા, કસ્તુરબા રોડ,
જયુબેલી ગાર્ડન સામે, રાજકોટ–૩૬૦૦૦૧.

એમ એ. જાદવ
એડવોકેટ

સ્થાનિક કોર્ટમાં કેસ ચાલી જતા

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મારામારીનાં ગુન્હાના આરોપી નિર્દોષ જાહેર

બચાવપક્ષે એડવોકેટ જે.આર. વાળાની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૦૧૬/૨૧થી ફરીયાદ દાખલ થયેલ જેમાં આરોપી પ્રેમજીભાઈ વલ્લભભાઈ બાવશીની અટકાયત કરવામાં આવેલ. ત્યારબાદ પુરાવાઓ સાથે પોલીસ

દ્વારા ચાર્જસીટ કોર્ટમાં રજુ કરેલ ફરીયાદી પક્ષે સાહેદો તથા કેસનાં તપાસ કરનારને તપાસતા અંતે કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરેલ. જેમાં બચાવ પક્ષે વિધ્વાન ધારાશાસ્ત્રી જે.આર. વાળા. ની દલીલો ગ્રાહય રહી.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

સાવરકુંડલા ખાતે "મમતા ઘર"નો દબદબાભેર પ્રારંભ થયો

સાવરકુંડલા ખાતે તારીખ ૧૧/૬/૨૪ને મંગળવારના રોજ યોગેશ્વર સોસાયટી ખાતે સદગુરુ સેવા ટ્રસ્ટ દ્વારા મમતા ઘરનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે કબીર ટેકરી ના મહંત પૂજયશ્રી નારાયદાસ સાહેબના અધ્યક્ષ સ્થાને એક ઉદ્ઘાટન સમારોહ યોજાઈ ગયો. જેમા શિવ દરબાર આશ્રમના પૂજય ઉષામૈયા દરબાર, માનવમંદિરના મહંત ભકિતરામબાપુ, વીજયદાસ સાહેબ, કુંડલપુર હનુમાનના મહંત કરસનગીરીબાપુ, રામાનંદી કન્યા છાત્રાલયના ઘનશ્યામ બાપુ, અમરેલી નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી અધિકારી પુજાબેન જોટાણીયા, સાવકુંડલા પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, બાંધકામ સમિતિ ચેરમેન લાલાભાઈ ગોહિલ, સાવરકુંડલા તાલુકા કેળવણી નિરીક્ષક ભાવેશભાઈ બોરીસાગર, રાજકોટથી નિવૃત અધિક તિજોરી અધિકારી નરેન્દ્રભાઈ વિઠલાણી, સુરતથી મનીષાબેન લુણાગરીયા, ઋચિબેન લુણાગરીયા, દુષ્યાંતભાઈ પંડયા, લલીતભાઈ રીબડીયા, ગદ્ય સાહિત્ય ગ્રુપ અમરેલીના સભ્ય નાનાભાઈ ત્રિવેદી, વાસુદેવભાઈ સોઢા અને મુંબઈથી જયેશભાઈ માટલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મમતા ઘરના સ્વપ્નના દ્રષ્ટા મંજુલાબેન દુધરેજીયાએ સંસ્થાનો પરિચય આપતા જણાવ્યુ હતુ કે, આજે પ્રારંભ થયેલા મમતા ઘરમાં જરૂરિયાતમંદ બાળકો કે જેમની ઉમર ૬ વર્ષથી ૧૬ વર્ષ સુધીની હોય અને જેઓ રહેવા, જમવા, ભણવા અને આરોગ્ય લક્ષી સુવિધા મેળવી શકતા ન હોય તેવા જરૂરિયાતમંદ બાળકોને મમતાઘરમાં ફ્રીમાં તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત સંતો મહંતોએ મમતા ઘરને આશીવાર્દ આપ્યા હતા. કબીર ટેકરી આશ્રમ ના મહંત નારણદાસ સાહેબે મમતાઘર માટે તમામ પ્રકારના સાથ સહકાર આપવાની જાહેરાત કરી હતી. જયારે સામાજિક આગેવાનોએ પ્રાસંગિક પ્રવચનમાં મમતા ઘરેન શુભેચ્છા પાઠવી મંજુલાબેન દુધરેજીયાની સમાજ સેવાના ઉત્કૃષ્ટ વિચારને બીરદાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ભાવવાહી શૈલીમાં રાજકોટ આકાશવાણી કેન્દ્રના પૂર્વ ઉદઘોષક ઉમેશભાઈ રોઠોડ દ્વારા કરવામાં આવ્યુ હતુ. જયારે આભાર વિધિ નિવૃત શિક્ષક સુધીરભાઈએ કરી હતી.

રઘુવંશી સમાજનાં દાતાઓનાં સહયોગથી આગેવાનોની ઉપસ્થિતિમાં

અમરેલી ખાતે રવિવારે રઘુવીર સેના દ્વારા સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર

રઘુવંશી સમાજનાં ૩૧ બાળકો સમૂહમાં યજ્ઞોપવિત સંસ્કાર મેળવશે

૧૫ જૂનને શનિવારે સાંજે ૪ કલાકે મંડપ મુર્હુત, ૪:૩૦ કલાકે માળા રોપણ, રાત્રિનાં દાંડીયારાસ યોજાશે

૧૬ જૂને રવિવારે સવારે ૭ કલાકે ગૃહશાંતિ, ૭:૩૦ કલાકે યજ્ઞોપવિત સંસ્કાર, કાશીયાત્રા અને સમૂહ જ્ઞાતિ ભોજન

સમગ્ર રઘુવંશી સમાજને આ કાર્યમાં ઉત્સાહભેર જોડાવવા રઘુવીર સેનાનો અનુરોધ


પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લા રઘુવીર સેના સમૂહ યજ્ઞોપવિત સંસ્કારનું આગામી શનિવાર અને રવિવારનાં રોજ અમરેલી ખાતે લોહાણા મહાજન વાડીમાં આયોજન કરવામાં આવેલ છે.

આગામી ૧૫ જૂનને શનિવારે બપોરે ૪ કલાકે મંડપ મુર્હુત, ૪:૩૦ કલાકે માળારોપણ, ૫ કલાકે સાંજીનાં ગીત, પીઠી સાંજના ૫:૩૦ કલાકે, રાત્રિનાં ૯ કલાકે દાંડીયારાસ અને ૧૬ જૂને રવિવારે સવારે ૭ કલાકે ગૃહશાંતિ, ૭:૩૦ કલાકે યજ્ઞોપવિત સંસ્કાર, બપોરે ૧૧ કલાકે કાશીયાત્રા અને બપોરે ૧૨ કલાકે સમૂહ જ્ઞાતિ ભોજન યોજાશે. આ કાર્યક્રમમાં રઘુવંશી સમાજનાં ૩૧ બાળકો (બટુકો) સમૂહમાં યજ્ઞોપવિત્ર સંસ્કાર ધારણ કરશે.

આ કાર્યક્રમમાં અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાનાં પ્રમુખ ગિરિશભાઈ કોટેચા, ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, રઘુવંશી સમાજનાં અગ્રણી પદુભાઈ રાયચુરા, કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા, શ્રીમતિ સોનલબેન વસાણી, જીતુભાઈ ગોળવાળા, ભાવેશ સોઢા, સંજય વણઝારા, ચંદ્રશ રવાણી અને મહેશ નગદીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા વિશાલભાઈ સોઢા, પ્રિતેશ માનસેતા, પ્રકાશ કારીયા અને મહેશ મશરૂ સહિતનાં આગેવાનો અને તેમની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.

પીએનડીટી એક્ટ અંતર્ગત હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ સીસીટીવી લગાવવા ફરજીયાત

અમરેલી, તા. ૧૨

પીસીપીએનડીટી એકટ-૧૯૯૪ અન્વયે જાતીય પરીક્ષણના ગુન્હાઓ રોકવાના અમલીકરણ માટે જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રજિસ્ટ્રેશન ધરાવતી તમામ હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત છે.

આ ઉપરાંત સી.સી.ટી.વી કેમેરાના ઓડીયો -વીડિયો રેકોર્ડિંગ ૨૪૨૭ કલાકનું ૩૦ દિવસનું બેકઅપ રાખવું ફરજિયાત છે. અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ- ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪ અંતર્ગત આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જે અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે અને તા. ૮ ઓગષ્ટ, ૨૦૨૪ સુધી અમલી રહેશે.

સમગ્ર વિસ્તાર કવર થતો હોય તે રીતે સીસીટીવી લગાડવાના રહે છે. નક્કી કરવામાં આવેલી અધિકૃત્ત વ્યકિ જ સોનોગ્રાફી રૂમમાં પ્રવેશે તે જોવાનું રહેશે. સોનોગ્રાફી રૂમની અંદર કે જયાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી કેમેરા લગાવી શકાશે નહીં. નક્કી કરવામાં આવેલા સોનોગ્રાફી રૂમમાં વ્યકિનો ચહેરો દેખાય તે રીતે રૂમની બહારના દરવાજાના ભાગમાં સી.સી.ટી.વી લગાવવા. જો સોનોગ્રાફી રૂમના દરવાજા અંદર અને બહારના એમ બંને ભાગમાં હોય તો બંને જગ્યાએ સી.સી.ટી.વી. લગાવવા ફરજિયાત છે. સંબંધિત જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરિટી દ્વારા જરૂર જણાયે જયારે પણ સી.સી.ટી.વી રેકોર્ડિંગ બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજિયાત આપવાનું રહેશે. તેમજ સંબંધિત બેકઅપમાં કોઈ ત્રુટિ જણાશે તો તેની જવાબદારી હોસ્પિટલ, ક્લિનિક કે સંસ્થાની રહેશે. હુકમના ભંગ બદલ ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર છે.

જાણો : પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (પી.એમ. કિસાન) યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ કઇ આવશ્યક વિગતોને અપડેટ કરાવવી જરૂરી છે

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (પી.એમ.કિસાન) યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારને પ્રતિ વર્ષ રૂા. ૬,૦૦૦ (ત્રણ સમાન હપ્તામાં) સહાય તેમના ખાતામાં-ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) થી ચૂકવવામાં આવે છે. કેન્દ્ર સરકારની વર્તમાન સૂચના અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ફરજિયાત પોતાના પી.એમ.કિસાન ખાતામાં ત્રણ વિગતો અપડેટ કરાવવી જરૂરી છે. આ વિગતોમાં (૧) લેન્ડ સીડિંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવી, (૨) બેંક સાથે આધાર સીડિંગ અને ડી.બી.ટી. ઈનેબલ કરાવવું અને (૩) ઈ-કે.વાય.સી. કરાવવું.

જે ખેડૂતોને પી.એમ. કિસાનની સહાય મળતી બંધ થઈ ગઈ હોઈ તેવા ખેડૂતોએ આ ત્રણ વિગત અપડેટેડ છે કે નહિ તે ચેક કરવાનું રહેશે, જે મહત્વનું છે. લાભ મેળવતા ખેડૂતે પી.એમ.કિસાન વેબસાઈટ પર જઈને આ વિગતો ચેક કરી લેવાની રહેશે. અથવા આ માટે ગ્રામ પંચાયતના વી.સી.ઇ. મારફત અથવા ગ્રામ સેવકની સહાય મેળવી તેમના મારફત આ વિગતો ચેક કરાવી શકાય છે.

જો ઉપરોક્ત ત્રણ વિગતની સામે "NO" / "REJECTED" બતાવે તો લેન્ડ સીડિંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવા માટે સંબંધિત તાલુકાઓની તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો. બેંક સાથે આધાર સીડિંગ કરાવવા અને ડી.બી.ટી. ઈનેબલ માટે આપનું બેંક ખાતું હોઈ તે બેંકનો સંપર્ક કરી શકાશે અથવા જે-તે વિસ્તારના નજીકની ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (પોસ્ટ ઓફીસ) નો સંપર્ક કરીને આધાર લીંક બેંક એકાઉન્ટ ખોલાવી શકાશે. ઈ-કે.વાય.સી. કરાવવા માટે જે-તે ગામના ગ્રામસેવકનો સંપર્ક કરવો અથવા જે-તે ગામના વી.સી.ઇ.નો સંપર્ક કરીને આ વિગતો અપડેટ કરી શકાશે.

આ માટે લાભાર્થીએ આધાર કાર્ડ અને મોબાઈલ નંબર તેમજ તેમની રૂબરૂ હાજરી જરૂરી રહેશે. આ અંગેની વધુ વિગતો માટે તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત કચેરી અને વિસ્તરણ અધિકારી(ખેતી)નો અથવા ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વી.સી.ઇ.અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Shine versary
આભાર ગુજરાત
HONDA
*સ્કીમ ઓફર ટુંક સમય માટે જ..
95%
ANNIVERSARY Offer ₹5000 કેશબેક
5999/-
9.50%
ફ્રી હેલ્મેટ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઇક
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
» - ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

જોઇએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100 % કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
વિદ્યાર્થી મિત્રો,, વાલી શ્રી..
શું ધોરણ 10 માં PR આપના સંતાન ને ઓછાં આવ્યાં છે ??
નબળા પરિણામ થી નિરાશ છો ??
ધોરણ 10 કરતા ધોરણ 12 કોમર્સ માં ઉચ્ચ PR લાવવા માંગો છો.??
નબળા વિદ્યાર્થી ઓનું સબળું પરિણામ લાવી આપવાની ખાત્રી આપતી કોમર્સ સ્કૂલ.
એક વાર અમારી અવશ્ય મુલાકાત લ્યો..
ધો.10 P.R. આધારીત સ્કોલરશીપ

ધો. 10 P.R.	ફી માફી
A1 Grade	100%
95 થી ઉપર P.R.	25%
90 થી 95 P.R. સુધી	20%
85 થી 90 P.R. સુધી	15%
65 થી 85 P.R. સુધી	10%
50 થી 65 P.R. સુધી	05%

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા Free માંજ આપવામાં આવશે
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ:
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો..
નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી

પીએમ મોદીથી લઈને NDAના અનેક દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા

આંધ્ર પ્રદેશમાં ચોથી વખત ચંદ્રબાબુ નાયડુએ મુખ્યમંત્રીના શપથ લીધા

વિજયવાડાના કેસરપલ્લી આઈટી પાર્કમાં તેમનો શપથગ્રહણ સમારોહ આયોજિત થયો હતો : પવન કલ્યાણે નાયબ મુખ્યમંત્રી પદના શપથ લીધા

અમરાવતી, તા.૧૨

આંધ્ર પ્રદેશમાં એકવાર ફરીથી નાયડુ રાજ આવી ગયું છે. ચંદ્રબાબુ નાયડુએ આજે મુખ્યમંત્રી પદના શપથ લીધા. વિજયવાડાના કેસરપલ્લી આઈટી પાર્કમાં તેમનો શપથગ્રહણ સમારોહ આયોજિત થયો હતો. આંધ્ર પ્રદેશમાં સતત ચોથી વખત તેલગુ દેશમ પાર્ટીના સુપ્રીમો ચંદ્રબાબુ નાયડુએ મુખ્યમંત્રીના શપથ લીધા. શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી લઈને દ્રઢછના અનેક દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.. એટલું જ નહીં લોકસભા ચૂંટણીના પરિણામ બાદ ફરી એકવાર વિજયવાડામાં દ્રઢછની શક્તિનું પ્રદર્શન થયું હતું. આ શપથની સાથે જ સૌથી વધુ મુખ્યમંત્રી બનવાનો રેકોર્ડ પણ ચંદ્રબાબુ નાયડુએ પોતાના નામે કરી લીધો છેતેમની ગણતરી અમીર નેતાઓમાં થાય છે. તેમના ચૂંટણી સોગંદનામા મુજબ તેમની પાસે કુલ ૯૩૧ કરોડ રુપિયાની સંપત્તિ છે. શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી લઈને NDAના અનેક દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. એટલું જ નહીં લોકસભા ચૂંટણીના પરિણામ બાદ ફરી એકવાર વિજયવાડામાં NDAની શક્તિનું પ્રદર્શન થયું હતું.

તેલુગુ દેશમ પાર્ટીના સુપ્રીમો ચંદ્રાબાબુ નાયડુ આંધ્રપ્રદેશના ૨૪મા મુખ્યમંત્રી બન્યા છે.. ચંદ્રબાબુ નાયડુએ બુધવારે ચોથી વખત મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યમાં સૌથી વધુ વખત મુખ્યમંત્રી બનવાનો રેકોર્ડ નાયડુના નામે છે. તેલુગુ દેશમ પાર્ટીના વડા ચંદ્રબાબુ નાયડુના શપથ ગ્રહણ સમારોહમાં તેમના ભાઈ અને દક્ષિણના સુપરસ્ટાર ચિરંજીવી અને રજનીકાંત પણ હાજર રહ્યા હતા. નાયડુ ઉપરાંત જનસેના પ્રમુખ અને એક્ટર પવન કલ્યાણે નાયબ મુખ્યમંત્રી પદના શપથ લીધા. નવી સરકારમાં CM ડેપ્યુટી CM સહિત ૨૫ મંત્રીઓ હશે.નાયડુને મંગળવારે આંધ્ર પ્રદેશમાં NDA ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા.. પવન કલ્યાણ વિધાનસભામાં ફ્લોર લીડર તરીકે ચૂંટાયા હતા. આ પછી નાયડુ અને કલ્યાણ રાજયપાલ એસ અબ્દુલ નઝીરને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.

નાયડુની નવી સરકારમાં જ્ઞાતિનું પણ સમીકરણ જોવા મળ્યું છે. જેમાં પછાત વર્ગના ૮ નેતાઓને મંત્રી બનાવાયા છે. આ સિવાય અનુસુચિત જાતિમાંથી ૩ ચહેરાઓની પસંદગી થઈ છે. જ્યારે અનુસુચિત જનજાતિમાંથી ૧ નેતાને સામેલ કરવામાં આવ્યો છે. નાયડુએ કમ્મા અને કાપુ સમુદાયોમાંથી ૪-૪ મંત્રીઓને સામેલ કર્યા છે. રેડ્ડી સમુદાયના ૩ નેતાઓને મંત્રીમંડળમાં સામેલ કરાયા છે. જ્યારે વૈશ્ય સમુદાયના ૧ નેતાને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. ચંદ્રબાબુ નાયડુ ખુદ કમ્મા સમુદાયમાંથી આવે છે જ્યારે પવન કલ્યાણ કાપુ સમુદાયમાંથી આવે છે. ૭૪ વર્ષીય ચંદ્રબાબુ નાયડુએ ૧૯૭૦ના દાયકામાં કોંગ્રેસ સાથે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી.. તેઓ ૧૯૭૮માં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા અને ૧૯૮૦ થી ૧૯૮૨ સુધી રાજયની કોંગ્રેસ સરકારમાં મંત્રી રહ્યા હતા. તેલગૂ દેશમ પાર્ટીનો દ્રઢછમાં સામેલ થવાનો કિસ્સો પણ રસપ્રદ છે.ટીડીપી ૧૯૯૬માં એનડીએમાં સામેલ થઈ હતી. આ પાર્ટી ૧૯૯૮માં વાજપેયી અને ૨૦૧૪માં નરેન્દ્ર મોદીની સરકારમાં ગઠબંધનનો ભાગ હતી. ટીડીપી-ભાજપ ૨૦૧૪માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે લડ્યા હતા. મોદી સરકારે આંધ્રપ્રદેશને વિશેષ શ્રેણીનો દરજ્જો આપવાનો ઈનકાર કર્યા બાદ ૨૦૧૮માં TDP NDAમાંથી બહાર થઈ ગઈ હતી. આ પછી પીએમ મોદી અને નાયડુએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન એકબીજા વિરુદ્ધ ઘણા નિવેદનો આપ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહે ફેબ્રુઆરી ૨૦૧૯માં જાહેરાત કરી હતી કે નાયડુ માટે દ્રઢછના દરવાજા હંમેશ માટે બંધ છે. ૫ વર્ષ પછી, નાયડુ અને શાહ જૂન ૨૦૨૩માં મળ્યા હતા. ત્યારબાદ માર્ચ ૨૦૨૪માં બંને પક્ષો ફરી એક થયા.

ટીડીપીએ નાયડુના નેતૃત્વમાં ૧૯૯૯ની ચૂંટણી જીતી હતી. નાયડુ બીજી વખત સીએમ બન્યા અને ૨૦૦૪ સુધી સત્તામાં રહ્યા. ત્યારે આંધ્રપ્રદેશ અને તેલંગાણા એક રાજ્ય હતા. વિધાનસભામાં કુલ ૨૯૪ બેઠકો હતી. જેમાંથી ટીડીપીએ ૧૮૦ સીટો જીતી હતી. નાયડુ આગામી ૧૦ વર્ષ સુધી સત્તાથી દૂર રહ્યા.આંધ્ર પ્રદેશમાં હાલમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ટીડીપી અને સાઉથના સુપરસ્ટાર પવન કલ્યાણની પાર્ટી જનસેના સાથે મળીને ચૂંટણી લડી હતી. આ ગઠબંધનને રાજ્યમાં ૧૬૪ સીટો મળી છે. જેમાથી ટીડીપીને ૧૩૫, જનસેના પાર્ટીને ૨૧ અને ભાજપને ૮ સીટ મળી છે. વિધાનસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચને સોંપેલા સોગંદનામા મુજબ નાયડુ પાસે ૯૩૧ કરોડ રૂપિયાની ચલ અને અચલ સંપત્તિ છે. જ્યારે તેની ઉપર ૧૦.૩૮ કરોડ રૂપિયાનું દેવું પણ છે.

સોગંદનામા મુજબ ચંદ્રબાબુ નાયડુ અને તેમના પત્ની નારા ભુવનેશ્વરીની સંપત્તિમાં છેલ્લા પાંચ વર્ષમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે. આ સમયગાળામાં તેમની નેટવર્થ ૩૯ ટકા વધી છે. ૨૦૧૯માં તેમની પાસે ૬૬૮ કરોડ રૂપિયાની સંપત્તિ હતી. તેમની અને તેમની પત્ની પાસે રહેલી ચલ સંપત્તિની વાત કરીએ તો બંને પાસે સોના, ચાંદી સહિત ૩ કરોડ રૂપિયાની જ્વેલરી છે. જ્યારે ચંદ્રબાબુ પાસે ૧૧૫૬૦ રૂપિયા કેશ, પત્ની પાસે ૨૮૯૨૨ રૂપિયા કેશ અને બેંક એકાઉન્ટમાં ૧૩ લાખ રૂપિયાથી વધુની ડિપોઝિટ છે. ચંદ્રબાબુની નેટવર્થમાં એક મોટો હિસ્સો તેમના પત્નીની વિવિધ કંપનીઓમાં સ્ટેક હોલ્ડિંગનો છે. ચૂંટણી સોગંદનામા મુજબ પત્ની નારા ભુવનેશ્વરી હેરિટેજ ફૂડ્સ કંપનીમાં મોટા શેર હોલ્ડર્સ છે. ૧૯૯૨માં હેરિટેજ ફૂડ્સની સ્થાપના થઈ હતી. જેના શેર બજારમાં લિસ્ટેડ છે. ભુવનેશ્વરી પાસે આ કંપનીના ૨૨૬૧૧૫૨૫ શેર છે. તેની કુલ કિંમત ૭૬૩ કરોડ રૂપિયાથી વધુ છે. આ ઉપરાંત તેમની પાસે બેંક ઓફ બરોડા, Nirvana Holdings Privkq, Heritage Finlease Ltdના શેર છે. સીએમ ચંદ્રબાબુ નાયડુના નામ પર એક એમ્બેસેડર કાર છે જેની કિંમત ૨.૨૦ લાખ રૂપિયા છે. અચલ સંપત્તિની વાત કરીએ તો નાયડુના નામ પર કોઈ ખેતી યોગ્ય જમીન થી. જ્યારે પત્નીના નામ પર લગભગ ૫૫ કરોડ છે.

સરકાર બનતાની સાથે પેટ્રોલિયમ પ્રધાને કરી મોટી વાત

પેટ્રોલ-ડીઝલ જેવા ઇંધણને GSTના દાયરામાં લાવવા પ્રયાસ કરાશે

હરદીપ સિંહ પુરીને ફરી એક વખત પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે

નવી દિલ્હી, તા.૧૨

દેશમાં લોકસભાની ચૂંટણી બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી એનડીએની સરકાર 'મોદી ૩.૦'ની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત ૭૨ મંત્રીઓમાં મંત્રાલયો પણ વહેંચવામાં આવ્યા છે. હરદીપ સિંહ પુરીને ફરી એક વખત પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે અને તેમણે કાર્યભાર સંભાળતાની સાથે જ એક મોટી જાહેરાત કરી છે.

કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીનું કહેવું છે કે, આ વખતે કેન્દ્ર સરકાર પેટ્રોલ, ડીઝલ અને કુદરતી ગેસ જેવી ચીજવસ્તુઓને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)ના દાયરામાં લાવવાનો પ્રયાસ કરશે. તેનાથી સામાન્ય લોકોને મોટી રાહત મળશે.

પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણને GSTના દાયરામાં લાવવાનો આ પ્રયાસ નવો નથી. GST સિસ્ટમ અમલમાં આવી ત્યારથી અને ત્યારબાદ GST કાઉન્સિલની રચના થઈ ત્યારથી આ માટેના પ્રયાસો થઈ રહ્યા છે. જીએસટી કાઉન્સિલની લગભગ દરેક બેઠકમાં આ બાબતને આગળ કરવામાં આવી છે. પરંતુ આ અંગે રાજ્યો વચ્ચે હજુ સુધી સહમતિ બની શકી નથી.

પેટ્રોલ અને ડીઝલ પરનો વેટ રાજ્ય સરકાર માટે આવકનો મુખ્ય સ્રોત છે. આવી સ્થિતિમાં, રાજ્ય સરકારો પેટ્રોલ અને ડીઝલને જીએસટી હેઠળ આવવાને કારણે તેમની આવકમાં નુકસાનનો સામનો કરવા માંગતી નથી. આ સિવાય રાજ્યોને દારૂ પરના ટેક્સમાંથી પણ મોટી આવક મળે છે. જોકે, નાણામંત્રી નિર્મલા સીતારમણે ગયા વર્ષે નવેમ્બરમાં કહ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલને ય્જી્ના દાયરામાં લાવવાથી ગ્રાહકોને સૌથી વધુ ફાયદો થશે. જ્યારે,

દેશભરમાં લોકોએ તેના માટે અલગ-અલગ કિંમતો ચૂકવવી પડશે નહીં. પેટ્રોલ અને ડીઝલને GSTના દાયરામાં લાવવાની સાથે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, સરકારે ૨૦૩૦ સુધીમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાનું લક્ષ્ય રાખ્યું હતું, પરંતુ હવે તે આગામી વર્ષ એટલે કે ૨૦૨૫ સુધીમાં જ પૂર્ણ થવાની આશા છે. આશા છે. આ સાથે તેમણે કહ્યું કે સરકાર પેટ્રોલિયમ સેક્ટરના PSUમાં હિસ્સો વેચવાના પક્ષમાં નથી.

૫. ૩૧ લાખથી વધુ વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું

નમો લક્ષ્મી યોજના સહાય માટે વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું

મોટાભાગે ધોરણ ૧૦-૧૨ની વિદ્યાર્થિનીઓનો સમાવેશ

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા વિષયની માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓના અભ્યાસ ખર્ચમાં સહાયરૂપ થવા તેમજ તેમના પરિવારને આર્થિક સહાય પૂરી પાડવા રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં "નમો લક્ષ્મી" યોજના જાહેર કરી હતી. આ વર્ષના પ્રથમ શૈક્ષણિક સત્રથી નમો લક્ષ્મી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વધુમાં વધુ વિદ્યાર્થિનીઓ આ યોજનાનો લાભ મેળવી શકે તે હેતુસર રાજ્ય સરકારે નવા શૈક્ષણિક સત્રથી જ નમો લક્ષ્મી યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત સહાય મેળવવા માટે અત્યાર સુધીમાં રાજ્યની આશરે ૫.૩૧ લાખથી વધુ વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં મોટાભાગે ધોરણ ૧૦ અને ૧૨ની વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીનીઓની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ધોરણ-૯ અને ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓનું પણ રજીસ્ટ્રેશન વધશે અને રજીસ્ટ્રેશનની સંખ્યામાં લગભગ બમણો વધારો થશે. રાજ્યના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણ માટેની રુચીમાં વધારો થાય તે હેતુસર ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નમો સરસ્વતી યોજના અમલી કરાઈ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા ૨૫૦૦૦ની નાણાકીય સહાય અભ્યાસ અર્થે આપવામાં આવે છે.

રાહુલના વડાપ્રધાન મોદી પર શાબ્દિક પ્રહારો

PMને આતંકવાદનો ભોગ બનનારાઓના પરિવારની ચીસો સંભળાતી નથી : કોંગ્રેસ

અભિનંદનના મેસેજોનો જવાબ આપવામાં વ્યસ્ત મોદીને મૃત્યુ પામેલા શ્રદ્ધાળુના પરિવારની ચીસો સંભળાતી નથી

જમ્મુ, તા.૧૨

જમ્મુ-કાશ્મીરમાં સતત થઈ રહેલા આતંકવાદી હુમલાને લઈને કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ હુમલાને લઈને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાનો રોષ વ્યક્ત કર્યો છે. રાહુલ ગાંધીએ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું છે કે અભિનંદનના મેસેજોનો જવાબ આપવામાં વ્યસ્ત નરેન્દ્ર મોદીને જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા શ્રદ્ધાળુઓના પરિવારની ચીસો સંભાઈ રહી નથી.

રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું કે છેલ્લા ત્રણ દિવસમાં રિયાસી, કઠુઆ અને ડોડામાં ૩ અલગ-અલગ આતંકી ઘટનાઓ બની છે. જોકે આમ છતાં વડાપ્રધાન હાલ પણ જશ્નમાં મગ્ન છે. દેશ જવાબ માંગી રહ્યો છે. અંતે ભાજપની સરકારમાં આતંકી હુમલાઓનું ષડયંત્ર રચનારાઓ પકડાતા કેમ નથી. બીજી તરફ કોંગ્રેસે પણ વધતા આતંકવાદી હુમલાઓ અને પીએમના ચૂપ રહેવા પર સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસનું કહેવું છે કે પીએમ મોદીએ પાકિસ્તાનના નેતાઓને એક્સ પર જવાબ આપ્યા છે. જોકે ક્રુર આતંકી હુમલાની નીંદા કરવાનો સમય તેમને મળ્યો નથી. છેલ્લા ૧૦ વર્ષમાં મોદી સરકારે ખોટી છાતી ઠોકતા રાષ્ટ્રીય સુરક્ષાને નુકસાન થયું છે, જોકે નિર્દોષ લોકો કાયરતાપૂર્ણ આતંકી હુમલાનો શિકાર થયા છે. તેમ છતાં પણ બધું પહેલા જેવું જ ચાલી રહ્યું છે.

જમ્મુ-કાશ્મીરમાં રિયાસી અને કઠુઆ પછી આતંકીઓએ આજે ડોડા પર પણ હુમલો કર્યો છે. આ ત્રણ દિવસમાં ત્રીજો હુમલો છે. આ વખતે આતંકીઓએ ડોડા જિલ્લાના સેનાના અસ્થાઈ ઓપરેટિંગ બેસ પર ગોળીબાર કર્યો, જે પછીથી સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલુ છે. બીજી તરફ હુમલાના કારણે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન વધારી દેવામાં આવ્યું છે. આ હુમલા પછી ડોડાના છત્રકલામાં આતંકીઓ અને સુરક્ષાદળોની વચ્ચે થયેલા ગોળીબારમાં સેનાના ૫ જવાનો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. કાશ્મીર ટાઈગર આતંકી ગ્રુપે આ હુમલાની જવાબદારી પણ લીધી છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ બુધાવારે સવારે ૧.૪૫ કલાકે છત્રકલામાં સેના અને પોલીસના સંયુક્ત ઓપરેશન અંતર્ગત આંતકીઓને જડબાતોડ જવાબ આપવામાં આવી રહ્યો છે. આ પહેલા જમ્મુના એડીજીપી આનંદ જૈને જણાવ્યું હતું કે ગોળીબારમાં એક આતંકવાદી પણ મૃત્યુ પામ્યો છે અને એક નાગરિક ઘાયલ થયો છે, જોકે હવે આ વિસ્તાર ખતરાથી બહાર છે. ઓપરેશન હાલ પણ ચાલું જ છે અને વરિષ્ઠ અધિકારીઓ ઘટના સ્થળે હાજર છે.

ફેડરલ ગન કેસમાં કોર્ટનો મોટો ચુકાદો

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઇડનનો પુત્ર હંટર દોષિત જાહેર કરાયો

હંટર બાઇડનને દોષિત ઠેરવવાથી અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડનની મુશ્કેલીમાં થઈ શકે છે વધારો

વોશિંગ્ટન, તા.૧૨

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડનના પુત્ર હંટર બાઈડનને ફેડરલ ગન કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો છે. ડેલાવેયરની એક કોર્ટે હંટરને ડ્રગ સંબંધિત અન્ય બે કેસમાં પણ દોષિત ઠેરવ્યો છે. હંટર નશીલા પદાર્થોનું સેવન કરતા ગન રાખવા સંબંધિત ત્રણ કેસ ચાલી રહ્યા હતા. તેણે જ્યુરીની સામે પોતાને નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસ કોઈ વર્તમાન રાષ્ટ્રપતિના સંતાન સાથે સંકળાયેલો આ પ્રથમ કેસ છે. ખાસ કરીને અમેરિકામાં ચૂંટણી સમયે હંટર બાઈડનને દોષિત ઠેરવવાથી જો બાઈડનની મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે.

જે ત્રણ કેસમાં હંટર બાઈડનને દોષિત ઠેરવવામાં આવ્યો છે, તેમાંથી બે કેસમાં ૧૦ વર્ષથી વધુની જેલની સજા છે, જ્યારે ત્રીજા કેસમાં પાંચ વર્ષની સજા છે. ફેડરલ સજાની માર્ગદર્શિકાની ભલામણો અનુસાર, સજા ઘટાડવા અથવા વધારવી તે ન્યાયાધીશની વિવેકબુદ્ધિ પર છે. દરેક કેસમાં અંદાજે ૨ લાખ ૫૦ હજાર ડોલરના દંડની જોગવાઈ પણ છે. જો કે હંટરને ક્યારે સજા સંભળાવવામાં આવશે તે નક્કી કરવામાં આવ્યું નથી.

રાષ્ટ્રપતિ જો બાઈડનને ત્રણ મામલામાં સજા માફ કરવાનો અધિકાર છે જેમાં બાઈડનના પુત્ર હંટર બાઈડનને દોષિત ઠેરવવામાં આવ્યો છે, પરંતુ તેમણે ૬ જૂને મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં જાહેરાત કરી હતી કે તેઓ આવું નહીં કરે. જો કે, જ્યારે સુનાવણી શરૂ થઈ ત્યારે બાઈડને કહ્યું હતું કે તે તેના પુત્રને પ્રેમ કરે છે અને તેના પર ગર્વ છે. કેસની સુનાવણી દરમિયાન જો બાઈડનની પત્ની જીલ બાઈડન કોર્ટમાં હાજર હતી.

જે બે કેસમાં હંટર બાઈડનને દોષિત ઠેરવવામાં આવ્યો છે, તેમાંથી એક કેસમાં તેના પર એક ફોર્મમાં ખોટી માહિતી આપવાનો અને કોલ્ટ કોબ્રા રિવોલ્વર ખરીદવાનો આરોપ હતો. તેની સામે ત્રીજો કેસ એ હતો કે જ્યારે તે ડ્રગ્સનું સેવન કરતો હતો ત્યારે તેની પાસે બંદૂક હતી.

હકીકતમાં અમેરિકામાં કોઈપણ બંદૂક ખરીદતી વખતે ખરીદનારને ફરજિયાત પ્રશ્ન પૂછવામાં આવે છે કે તે ડ્રગ એડિક્ટ છે કે નહીં. આ પ્રશ્નનો હંટરે ખોટો જવાબ આપ્યો હતો.

મળતા અહેવાલ અનુસાર હંટરના વકીલ એટર્ની એબે લોવેલે ટ્રાયલ દરમિયાન જણાવ્યું હતું કે હંટરે માત્ર આલ્કોહોલ પીધું હતું અને કોકેઈનનું સેવન કર્યું ન હતું. વકીલના જણાવ્યા અનુસાર, તેણે ગનના વેચાણ પહેલા અને પછીના મહિનાઓમાં ક્રેકનું સેવન કર્યું હતું પરંતુ ગન ખરીદતા સમયે તેને ડ્રગ્સની લત નહોતી. તેથી તેણે કોઈ ખોટી માહિતી આપી ન હતી. જો કે, ફરિયાદીઓએ હંટર બાઈડનના પુસ્તકોના અંશોનો ઉપયોગ કરીને આ દાવાને નકારી કાઢ્યો હતો, જેમાં તેણે દારૂ અને માદક દ્રવ્યોના વ્યસન સાથેના તેના સંઘર્ષની વિગતો આપી હતી

NSUI ના પ્રમુખનો અપહરણનો મામલો

દલિત સમાજની જૂનાગઢથી ગોંડલ સુધી રેલીનું આયોજન

ગણેશ ગોંડલના સમર્થનમાં સૌરાષ્ટ્રનું ગોંડલ માર્કેટિંગ યાર્ડ અને ગોંડલના ૮૪ ગામોએ બંધ પાળ્યો હતો

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ જિલ્લા અનુસૂચિત જાતિ સમાજના પ્રમુખ રાજુભાઈના પુત્ર અને જુનાગઢ શહેર NSUI ના પ્રમુખનું અપહરણ કરી હત્યાની કોશિશ કર્યાની ઘટના બની હતી. ગણેશ જયરાજસિંહ જાડેજા અને તેના મિત્રોએ ફરિયાદી સંજય સોલંકીને આરોપીઓ દ્વારા ફરિયાદી સંજય સોલંકીને ગણેશ જયરાજસિંહ જાડેજાના મકાનને લઈ જઈ નગ્ન કરી આડેધડ માર મારી પિસ્તોલ જેવા હથિયાર બતાવી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી માફી મંગાવતો વીડિયો બનાવ્યો હતો. તેમજ જો કેસ કરીશ તો તને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ફોર વ્હીલ કારમાં સંજય સોલંકીને જૂનાગઢ સાબલપુર ચોકડી નજીક ઉતારી દેવામાં આવ્યો હતો. પોલીસે આ ઘટનામાં આરોપીઓને પકડીને જેલ હવાલે કર્યા હતાં.આ બનાવને પગલે સમગ્ર અનુસુચિત જાતિ સમાજમાં રોષ ફેલાયો છે. ત્યારે આજે દલિત સમાજ ગુજરાત દ્વારા જૂનાગઢથી ગોંડલ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. બીજી બાજુ 'ગણેશ ગોંડલ'ના સમર્થનમાં સૌરાષ્ટ્રનું ગોંડલ માર્કેટિંગ યાર્ડ અને ગોંડલના ૮૪ ગામો સ્વયંભુ સજ્જડ બંધ રહ્યા છે.આ બાઈક રેલી જૂનાગઢના કાળવા ચોક ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરના પૂતળાને ફુલહાર કરી પ્રસ્થાન કરવામાં આવી હતી. અનુસૂચિત જાતિ સમાજ દ્વારા યોજવામાં આવેલી બાઈક રેલી જૂનાગઢના કાળવા ચોક નવાગઢ ડૉ.આંબેડકર ચોક, વીરપુર હાઈવે, જામવાળી ચોકડી ગોંડલ અને ત્યારબાદ ડૉ.આંબેડકર ચોક ગોંડલ ખાતે બાઈક રેલી પહોંચશે, જ્યાં મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મામલે અનુ.જાતિ સમાજના પ્રમુખ અને ભોગ બનનાર સંજય સોલંકીના પિતા રાજુ સોલંકીએ જણાવ્યું હતું કે, આજે ગુજરાતભરના અનુસૂચિત જાતિ સમાજના લોકો દ્વારા જૂનાગઢથી ગોંડલ સુધી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.આ બાઈક રેલી જૂનાગઢ સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. બાબા સાહેબ આંબેડકરના પૂતળાને ફુલહાર પહેરાવી શરૂ થશે. ત્યારબાદ બાઈક રેલી વડાલ પહોંચશે. જ્યાં પાટીદાર સમાજના લોકો આ બાઈક રેલીનું સ્વાગત કરશે. રાજુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, આ બાઈક રેલીનું આયોજન એટલા માટે કરવામાં આવ્યું છે કે જૂનાગઢમાં આવી ગણેશ જાડેજા મારા દીકરાનું અપહરણ કરી તેને મારી ફરી જુનાગઢ મૂકી ગયો હતો. ત્યારે માત્ર જૂનાગઢ જ નહીં પરંતુ હવે જે ગામમાં દલિતો પર અત્યાચાર થશે ત્યાં અનુસૂચિત જાતિ સમાજ જશે અને એ ગામમાં વિરોધ કરાશે.

વડાપ્રધાન મેલોની સાથે કરશે મુલાકાત

G-7 શિખર સંમેલનમાં શામેલ થવા ઈટાલી જશે વડાપ્રધાન મોદી

ઈટાલીના વડાપ્રધાનના આમંત્રણ પર મોદી ૫૦માં G-7 શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ગુરૂવારે ઈટાલીના અપુલિયા જશે

નવી દિલ્હી, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ત્રીજા કાર્યકાળનો કાર્યભાર સંભાળ્યા બાદ પોતાની પ્રથમ વિદેશ યાત્રા ઈટાલીની કરવા જઈ રહ્યા છે.

વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ આજે જણાવ્યું કે, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીના આમંત્રણ પર વડાપ્રધાન મોદી ૫૦માં G-7 શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ગુરૂવારે ઈટાલીના અપુલિયા જશે.

૫૦મી G-7 શિખર સંમેલન આ વખતે ઈટાલીના અપુલિયા ક્ષેત્રમાં લક્ઝરી રિસોર્ટ બોર્ગો એગ્નાઝિયામાં ૧૩ થી ૧૫ જૂન સુધી યોજાશે. ભારતને આઉટરીચ કન્ટ્રી તરીકે આ સમિટમાં આમંત્રણ આપવામાં આવ્યું છે.

તેમણે આગળ કહ્યું કે, ત્રીજા કાર્યકાળની પ્રથમ વિદેશ યાત્રા દરમિયાન પીએમ મોદી ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે દ્વિપક્ષીય બેઠક કરી શકે છે. બેઠકમાં બંને વડાપ્રધાન દ્વારા દ્વિપક્ષીય સબંધોના સંપૂર્ણ પાસાઓની સમીક્ષા અને આગળના પગલા માટે નિર્દેશ આપવાની આશા છે.

આ બેઠકમાં યુક્રેનમાં યુદ્ધ અને ગાઝા સંઘર્ષનો મુદ્દો ચર્ચામાં રહે તેવી શક્યતા છે. ૪-૭ એ વિશ્વની સાત અદ્યતન અર્થવ્યવસ્થાઓનો સમૂહ છે, જેમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, જર્મની, કેનેડા અને જાપાન સામેલ છે. સમિટમાં ભાગ લેનારા ટોચના નેતાઓમાં યુએસ પ્રમુખ જો બાઈડેન, ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન, જાપાનના વડા પ્રધાન ફ્યુમિયો કિશિદા અને કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટૂડો સામેલ છે.

આ NDAનું મંત્રીમંડળ નથી, પરિવાર મંડળ છે

નવી દિલ્હી,તા.૧૨

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને નેતા તેજસ્વી યાદવે એનડીએ સરકારની નવી કેબિનેટને લઈને પીએમ નરેન્દ્ર મોદી અને ભાજપ પર નિશાન સાધ્યું છે.

રાહુલ ગાંધીએ તેને પરિવારમંડળ કહીને એનડીએના તે મંત્રીઓનું લિસ્ટ જાહેર કર્યું છે, જેમના પરિવારના સભ્યો રાજકીય પાર્ટીઓમાં છે. બીજી તરફ બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવે કહ્યું કે રાજકારણમાં પરિવારવાદના સૌથી મોટા સંરક્ષણકર્તા, પાલનકર્તા અને પોષણકર્તા જ પરિવારવાદ પર લાંબું પ્રવચન આપે છે.

રાહુલે ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે પેઢીઓના સંઘર્ષ, સેવા અને બલિદાનની પરંપરાને પરિવારવાદ કહેનાર જ પોતાના "સરકારી પરિવાર"ને સત્તાનો વારસો આપી રહ્યાં છે. કહેવા અને કરવાના આ ભેદને નરેન્દ્ર મોદી કહેવાય છે.

તેજસ્વી યાદવે ટ્વિટ કરીને કહ્યું કે રાજકારણમાં પરિવારવાદના સૌથી મોટા સંરક્ષણકર્તા, પાલનકર્તા અને પોષણકર્તા જ પરિવારવાદ પર લાંબાં અને મોટા પ્રવચનો આપે છે. તેમણે વધુમાં કહ્યું કે કથિત વારસાગત પાર્ટીઓના પગલે જ આજે તેમની સરકાર શ્વાસ લઈ શકે છે.

તેમના કરવાના અને કહેવાના ભેદને આપણા મહાન દેશના મહાન લોકો સમજે છે.

બ્લેક કેટ કમાન્ડો સાથે અભેદ્ય સુરક્ષા બનશે

અયોધ્યામાં એનએસજી યુનિટની થશે સ્થાપના

અયોધ્યા, તા.૧૨

અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના નિર્માણ બાદ હવે જિલ્લાની સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર હવે અહીં નેશનલ સિક્યોરીટી ગાર્ડ (NSG) કમાન્ડો યુનિટ બનાવવાની તૈયારી કરી રહી છે જેના માટે જમીનની શોધ ચાલી રહી છે. કેન્દ્ર સરકારના નિર્ણયની મંજૂરી બાદ NSGના બ્લેક કેટ કમાન્ડોને અહીં તૈનાત કરવામાં આવશે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કેન્દ્ર સરકારની બે સુરક્ષા એજન્સીઓ અને રાજ્ય સરકારની ચાર સુરક્ષા એજન્સીઓ તૈનાત છે. કોઈપણ VVIP મુલાકાત પર દિલ્હીથી NSG કમાન્ડોને બોલાવવામાં આવે છે. રામ મંદિરના નિર્માણ પછી, જિલ્લામાં અવારનવાર ફફૈંની મુલાકાતો થાય છે અને દરેક સમયે ભક્તોની ભારે ભીડ રહે છે. તદુપરાંત અયોધ્યા સમયાંતરે આતંકવાદીઓના નિશાના પર રહી છે, જેને જોતા હવે અહીં સુરક્ષા સઘન કરવામાં આવી રહી છે. આ માટે ભવિષ્યમાં અહીં NSG કમાન્ડોની એક યુનિટની સ્થાપના કરવાની તૈયારી છે. અહેવાલોમાં સૂત્રોને ટાંકીને જણાવ્યા મુજબ, NSGની ટીમે જિલ્લા વહીવટીતંત્રનો સંપર્ક કર્યો છે અને જમીનની ઓળખ કરીને તેને ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે. જેના પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. તે જ સમયે, પોલીસ મહાનિરીક્ષક પ્રવીણ કુમારે કહ્યું છે કે, અયોધ્યામાં દ્રજીય યુનિટ ખોલવાની માહિતી છે, પરંતુ તેમની પાસે સંપૂર્ણ માહિતી નથી.

જમ્મુમાં આતંકવાદીઓ પર જોરદાર હુમલો!

રિયાસીના જંગલમાં સેનાનો ઘેરાવ, કઠુઆમાં આતંકી ઠાર, ડોડામાં પણ એન્કાઉન્ટર

જમ્મુ-કાશ્મીરના છત્તરગલા, ડોડામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલા ગોળીબારમાં સેનાના પાંચ જવાન ઘાયલ થયા હોવાનું કહેવાય છે

જમ્મુ-કાશ્મીર, તા.૧૨

જમ્મુ-કાશ્મીરના રિયાસી અને કઠુઆ બાદ હવે આતંકીઓએ ડોડામાં પણ હુમલો કર્યો છે. ત્રણ દિવસમાં આ ત્રીજો હુમલો છે. આ વખતે આતંકીઓએ ડોડા જિલ્લામાં સેનાના કામચલાઉ ઓપરેટીંગ બેઝ પર ગોળીબાર કર્યો હતો.આ હુમલા બાદ ડોડાના છત્રકલામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલા ગોળીબારમાં સેનાના પાંચ જવાનો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. ઘાયલોમાં એક સ્પેશિયલ પોલીસ ઓફિસર (SPO)નો પણ સમાવેશ થાય છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કાશ્મીર ટાઈગર નામના આતંકી સંગઠને આ હુમલાની જવાબદારી લીધી છે.અધિકારીઓનું કહેવું છે કે બુધવારે સવારે લગભગ 1.45 વાગ્યે છત્રકલામાં સેના અને પોલીસના સંયુક્ત ઓપરેશનમાં આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. આ પહેલા જમ્મુના ADGP આનંદ જૈને કહ્યું હતું કે ગોળીબારમાં એક આતંકવાદી માર્યો ગયો છે અને એક નાગરિક ઘાયલ થયો છે, પરંતુ હવે વિસ્તાર ખતરાની બહાર છે. ઓપરેશન હજુ ચાલુ છે અને વરિષ્ઠ અધિકારીઓ સ્થળ પર છે.સ્થાનિક લોકોએ જણાવ્યું કે તેઓએ આતંકવાદીઓને જોયા છે. તેણે અમારી પાસે પાણી માંગ્યું. લોકો આખી રાત ડરી ગયા, જેના કારણે ગામમાં કોઈ સૂઈ શક્યું નહીં. અમે હજુ પણ ડરી ગયા છીએ.તમને જણાવી દઈએ કે ડોડામાં આ આતંકવાદી હુમલો કઠુઆ જિલ્લામાં એક ઘર પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યા પછી સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક આતંકવાદી માર્યા ગયાના થોડા કલાકો બાદ થયો હતો.

આ પહેલા જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં પણ આતંકી હુમલો થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે અહીં કેટલાક આતંકવાદીઓએ હવામાં ફાયરિંગ કર્યું અને જંગલો તરફ ભાગી ગયા. આ અંગેની માહિતી મળતાં જ સુરક્ષાદળોની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને વિસ્તારને ચારે બાજુથી ઘેરી લીધો હતો.

સુરક્ષાદળોની આ કાર્યવાહીમાં એક આતંકી માર્યો ગયો હતો.સૌથી પહેલા 9 જૂને જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં આતંકીઓએ તીર્થયાત્રી ઓની બસ પર હુમલો કર્યો હતો. આ હુમલો 9 જૂને સાંજે 6.15 વાગ્યાની આસપાસ થયો હતો. ઓચિંતો છાપો મારીને બેઠેલા આતંકવાદીઓએ બસ પર ફાયરિંગ કર્યું હતું, જે બાદ બસ કાબૂ બહાર ગઈ હતી અને ઊંડી ખાઈમાં પડી ગઈ હતી. બસ પર હુમલો કરનાર આતંકવાદીઓ પહાડી વિસ્તારમાં છુપાયા હતા.આ હુમલાની જવાબદારી લશ્કર સાથે જોડાયેલા આતંકવાદી જૂથ TRFએ લીધી હતી. આ આતંકવાદીઓએ છેલ્લા એક મહિનામાં રાજૌરી અને પૂંચમાં અનેક હુમલા કર્યા છે. સૂત્રોનું કહેવું છે કે આ હુમલામાં બેથી ત્રણ આતંકવાદીઓ સામેલ હતા. રિયાસીમાં યાત્રાળુઓની બસ પર હુમલો કરનાર આતંકવાદીઓ પાકિસ્તાની હતા.

વિદેશ જવાનો મોહ ભારે પડ્યો

અમેરિકા લઈ જવાના બહાને એજન્ટોએ ૫૦ લાખ પડાવ્યા

ભારત પરત ફરવું પણ મુશ્કેલ પડી ગયું હતું. જે બાદ ભોગ બનનાર જીતેન્દ્ર પરમારના ભાઈ ભાવિક પરમારે પોલીસ ફરિયાદ નોંધાવતા એજન્ટ ભાવેશ પટેલની પોલીસે ધરપકડ કરી

ગાંધીનગર,તા.૧૨

વિદેશ મોકલવાની લાલચ આપીને એજન્ટો લાખો અને કરોડો રૂપિયા ચાંઉ કરી જતા હોય તેવા અનેક બનાવો પ્રકાશમાં આવતા હોય છે. તેવું જ ગાંધીનગર જિલ્લામાં આવેલા કલોલ ગામમાં રહેતા એક પરિવાર સાથે બન્યું છે. વિદેશ જવાનો મોહ બતાવીને એજન્ટોએ ૫૦ લાખ રૂપિયા પડાવી લીધા. માત્ર રૂપિયા પડાવ્યા એટલું જ નહીં પરંતુ એક સમયે તો એવો દિવસ આવી ગયો હતો ભારત પરત ફરવું પણ મુશ્કેલ પડી ગયું હતું. જે બાદ ભોગ બનનાર જીતેન્દ્ર પરમારના ભાઈ ભાવિક પરમારે પોલીસ ફરિયાદ નોંધાવતા એજન્ટ ભાવેશ પટેલની પોલીસે ધરપકડ કરી છે. કલોલ ગામમાં રહેતા જીતેન્દ્ર પરમાર તેમના પત્ની વર્ષબેન તેમના પુત્ર નક્ષિતને અમેરિકા મોકલવાની લાલચ આપીને એજન્ટએ એક કરોડની માગણી કરી હતી. પરંતુ છેલ્લે ૪૦ લાખમાં તમામને અમેરિકા મોકલી આપવાની ડીલ ફાઈનલ થઈ હતી. તેમજ એજન્ટ મિહિર પટેલ કે જેને જીતેન્દ્ર પરમારના પરિવારને માત્ર અમેરિકા મોકલવાની જ નહીં પરંતુ રહેવાની અને નોકરીની વ્યવસ્થા કરી આપવાની પણ લાલચ આપી હતી. જીતેન્દ્ર પટેલ અને તેમના પરિવારને અમેરિકા મોકલવાની લાલચ આપી અલગ અલગ દેશમાં ફેરવવામાં આવ્યા.

માત્ર એટલું જ નહીં પરંતુ મલેશિયામાં તો એક રૂમમાં ગોંધી રાખવામાં આવ્યા હતા. એક સમયે તો જીતેન્દ્ર પરમારના પરિવારને વતન પરત ફરવું પણ મુશ્કેલ બની ગયું હતું. ત્યારે સમગ્ર ઘટના કંઈ રીતે બની અને એજન્ટો કંઈ રીતે ૪૦ લાખ ચાઉ કરી ગયા તેને લઈને ફ્ફ ની ટીમે ભોગ બનનાર જીતેન્દ્ર પરમાર સાથે વાતચીત કરી છે. એજન્ટનો ભોગ બનનાર જીતેન્દ્ર પરમારની વાત સાંભળતા રૂંવાટા ઊભા થઈ જાય છે. મિહિર પટેલ નામના એજન્ટએ થાઈલેન્ડથી અમેરિકા મોકલવાનું કહીને જીતેન્દ્ર પરમાર અને તેમના પરિવારને ાાઈલેન્ડ મોકલ્યા હતા. જીતેન્દ્ર પરમાર અને તેમના પેરિવારના સાથે ભાવેશ પટેલ નામનો એજન્ટ પણ સાથે ગયો હતો. અલગ અલગ દેશમાં ફેરવીને જીતેન્દ્ર પરમારના ભાઈ પાસેથી લાખો રૂપિયા પડાવી દીધા છે. તેમજ મોરોક્કોમાં લઈ જઈને એક રૂમમાં ગોંધી રાખવામાં આવ્યા હતા. ત્યાંથી વતન પરત આવવું પણ જીતેન્દ્ર પટેલ અને તેમના પરિવાર માટે મુશ્કેલ બની ગયું હતું.

પરંતુ જીતેન્દ્ર પરમાર અને તેમનો પરિવાર હેમખેમ વતન પરત આવી જાય છે. જે બાદ જીતેન્દ્ર પરમારના ભાઈએ ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પરંતુ પોલીસની કામગીરી સામે પણ સવાલ ઊભા થઈ રહ્યા છે. પોલીસ ફરિયાદ નોંધાવતી વખતે ભાવિક પરમારે લખાવ્યું હતું કે એજન્ટો પાસે NRI વિઝા હોવાથી જો તાત્કાલિક પગલાં ન લેવામાં આવે તો દેશ છોડીને ભાગી શકે છે. પોલીસની ધીમી કામગીરીને કારણે મુખ્ય એજન્ટ મિહિર પટેલ અને તેમનો પરિવાર ફરાર થઈ ચૂક્યો છે. તેમજ પોલીસે એજન્ટ ભાવેશ પટેલની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે. મુવીની સ્ટોરીને પણ ટક્કર મારે તેવી ઘટના કલોલના જીતેન્દ્ર પરમાર અને તેમના પરિવાર સાથે બની છે. જો પોલીસ દ્વારા કડક કાર્યવાહી અને યોગ્ય તપાસ કરીને આવા એજન્ટોને પકડવામાં નહીં આવે તો આવનાર સમયમાં ગુજરાતના વધુ કેટલાક પરિવાર આવા એજન્ટોનો ભોગ બની શકે છે.

વિદ્યાર્થીઓ ખાનગી યુનિવર્સિટી તરફ વળ્યા

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિવિધ કોર્ષમાં ફક્ત ૪૦ બેઠકો ભરાઈ

સોરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલ ૧,૧૮,૨૪૦ બેઠકો છે તેની સામે હજુ સુધી ફક્ત ૪૭,૭૧૪ વિદ્યાર્થીઓએ એડમિશન માટે અરજી કરી છે

અમદાવાદ,તા.૧૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજે મોટાભાગના કોર્ષમાં બેઠકો ખાલીખમ છે. ગુજરાત બોર્ડના પરિણામોને સમય થવા છતાં પણ આજ સુધીમાં ફક્ત ૪૦.૩૫ ટકા જેટલી બેઠકો ભરાઈ છે. વિદ્યાર્થીઓ હવે સરકારી કરતાં ખાનગી યુનિવર્સિટિ તરફ વળ્યા છે. સરકારી યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયામાં વધુ પડતો વિલંબ થવાના કારણે અડધા કરતાં પણ વધુ બેઠકો ખાલી પડી છે. ગુજરાત બોર્ડના ધો.૧૨ના પરિણામ બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ રાઉન્ડમાં માત્ર ૪૦ ટકા બેઠકો ભરાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલ ૧,૧૮,૨૪૦ બેઠકો છે તેની સામે હજુ સુધી ફક્ત ૪૭,૭૧૪ વિદ્યાર્થીઓએ એડમિશન માટે અરજી કરી છે. આ અરજી કરનાર વિદ્યાર્થીઓમાં ખાસ એજ્યુકેશન, સાયન્સ, આર્કિટેકચર, આર્ટસ, બિઝનેસ મેનેજમેન્ટ, કોમર્સ, મેડિકલ, હોમ સાયન્સ, લૉ, પરફોર્મિંગ આર્ટસ સહિતની ફેકલ્ટી માટે રજીસ્ટ્રેશન કર્યું છે. કહી શકાય કે પ્રવેશ પ્રક્રિયામાં પ્રથમ રાઉન્ડમાં ૬૦ ટકા જેટલી બેઠકો ખાલીખમ છે. આગામી દિવસોમાં વધુમાં વધુ ૨૦ ટકા બેઠકો ભરાવાનું અનુમાન છે કારણ કે વિદ્યાર્થીઓએ એડમિશન ના મળવાના ડરમાં ખાનગી યુનિવર્સિટીમાં પ્રવેશ લેવા લાગ્યા છે.

ભારતીય દૂતાવાસે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

કુવૈતની ઈમારતમાં આગ લાગતા ૪૦ ભારતીયો સહિત ૪૩ના મોત

એક રૂમના કિચનથી શરૂ થયેલી આગ આખા બિલ્ડિંગમાં ફેલાઈ : વડાપ્રધાન મોદીએ ઘટના મામલે દુઃખ વ્યક્ત કર્યું

મંગાફ, તા.૧૨

કુવૈતના મંગાફ શહેરમાં એક છ માળની બિલ્ડિંગમાં બુધવારે સવારે ભીષણ આગ લાગતા ૪૩ લોકોના મોત અને ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં ૪૦ ભારતીયો સામેલ છે. આ બિલ્ડિંગમાં મોટાભાગે કર્મચારીઓ રહેતા હતા. પ્રાથમિક તપાસમાં એવી માહિતી સામે આવી છે કે, પહેલા બિલ્ડિંગના એક રૂમનાં રસોડામાં આગ લાગી હતી, ત્યારબાદ જોતજોતામાં આગ આખી બિલ્ડિંગમાં ફેલાઈ ગઈ હતી. ઘટના અંગે કુવૈતના ગૃહમંત્રી શેખ ફહાદ અલ-યુસેફ અલ-સબાહે મંગાફ બિલ્ડિંગના માલિક અને શ્રમિકો માટેના જવાબદાર કંપનીના માલિકની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. તો બીજીતરફ ચોંકાવનારી વાત એવી સામે આવી છે કે, આ બિલ્ડિંગમાં ૧૬૦થી વધુ લોકો ગેરકાયદેસર રહેતા હતા. આ ઉપરાંત બિલ્ડિંગના માલિક કેરળના બિઝનેસમેન હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે.

મેજર જનરલ રશીદ હમદે કહ્યું કે, ‘ઘટના અંગે અધિકારીઓને આજે સવારે ૬.૦૦ કલાકે માહિતી મળી હતી. ત્યારબાદ રાહત અને બચાવનું કામ પુરજોશમાં શરૂ કરી દેવાયું છે. અમને મળેલી માહિતી મુજબ બિલ્ડિંગના એક ફ્લેટના કિચનથી આગની શરૂઆત થઈ હતી, ત્યારબાદ આખા ઈમારતમાં ફેલાઈ ગઈ. આ ફ્લેટમાં કેરળના રહેવાસી વ્યક્તિનો છે. આ બિલ્ડિંગમાં મોટાભાગના દક્ષિણ ભારતના લોકો જ હતા. ઘટનામાં ૪૦ ભારતીયોના મોત થયા છે, જેમાં કેટલાક મૃતકો કેરળના છે.’ કુવૈતના નાયબ વડાપ્રધાન ફહદ યૂસુફ અલ સબા ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને આગના કારણોની તપાસ કરવા પોલીસને આદેશ આપી દીધો છે. એક વિરષ્ઠ પોલીસ કમાન્ડરે સ્ટેટ ટીવીને કહ્યું કે, જે બિલ્ડિંગમાં આગ લાગી, તેમાં શ્રમિકોના ક્વાર્ટર બનાવાયેલા છે. ઘટના સમયે ઘણા શ્રમિકો બિલ્ડિંગમાં હતાં. બચાવ કર્મચારીઓએ ડઝનથી વધુ લોકોને બચાવી લીધા છે, જોકે ભિષણ આગના ધુમાડાના કારણે ઘણા લોકોના ગુંગળાઈને મોત થયા છે. કુવૈતના આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, આગમાં લગભગ ૪૩ લોકોનો હોસ્પિટલમાં ખસેડાયા છે.આગની ઘટના અંગે નાયબ વડાપ્રધાન, સંરક્ષણ મંત્રી અને કાર્યવાહક આંતરિક મંત્રી, ફહદ યૂસુફ અલ-સબાએ કહ્યું કે, કમનસીબે મિલકત માલિકોની લાલચને કારણે આવી ઘટનાઓ બને છે. હું નગર પાલિકાઓના નિદેશકોને બોલાવીશ અને તમામ મિલકત માલિકો સાથે વાત કરીશું. જો કોઈ મિલકતમાં ઉલ્લંઘનની બાબત સામે આવશે તો તેને સવારે હટાવી દેવામાં આવશે અથવા માલિક જાતે મિલકત હટાવી લે, નહીં તોહું નગરપાલિકાને તેવી મિલકતો હટાવવા આદેશ આપીશ. જે બિલ્ડીંગમાં આગ લાગી તે દ્રમ્ઈઝ ગ્રુપની છે. તેના માલિક કેરળના એક બિઝનેસમેન છે, જેનું નામ કેજીઅબ્રાહમ છે. એનબીટીસી ગ્રુપની વેબસાઈટ અત્યારે ખુલી રહી નથી. તેના લિંક્ડઈન પેજ પર ઉપલબ્ધ માહિતી મુજબ આ કંપની તેલ, ગેસ અને બાંધકામ જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. આ ઉપરાંત ગ્રૂપ પાસે એક સુપરમાર્કેટ છે. આ બિલ્ડિંગમાં સુપરમાર્કેટમાં કામ કરતા લોકો હાજર હતા. કંપનીની સ્થાપના ૧૯૭૭માં થઈ હતી. લિંક્ડિન મુજબ આ કોન્ટ્રાક્ટ કરતી કંપની છે. આ કંપની એન્જિનિયરિંગ, કન્સ્ટ્રક્શન, ટેક્નિકલ સર્વિસ, હેવી ઈક્વિપમેન્ટ લીઝિંગ, લોજિસ્ટિક્સ, હોટેલ્સ અને રિટેલિંગના બિઝનેસમાં કામ કરે છે. કંપનીમાં લગભગ ૧૪,૦૦૦ લોકો છે.

ઘટનનાની જાણ થતાં કુવૈત સ્થિત ભારતીય રાજદૂત ત્યાં પહોંચી ગયા છે. આ ઉપરાંત દૂતાવાસે ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૯૬૫-૬૫૫૦૫૨૪૬ જારી કર્યો છે. બિલ્ડિંગમાં રહેતા તમામ લોકોના અપડેટ માટે આ હેલ્પલાઈન નંબર પર કૉલ કરવા વિનંતી કરાઈ છે. દૂતાવાસે એમ પણ કહ્યું કે, અમે તમામ પ્રકારની મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ. કુવૈત ટાઈમ્સના આહેવાલો મુજબ કુવૈતના ગૃહમંત્રી શેખ ફહાદ અલ-યુસેફ અલ-સબાહે મંગાફ બિલ્ડિંગના માલિકની ધરપકડ કરવા પોલીસને આદેશ કર્યો છે. આ ઉપરાંત ઘટનાની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી શ્રમિકો માટેના જવાબદાર કંપનીના માલિક અને બિલ્ડિંગના માલિકની ધરપકડ કરવાનો આદેશ અપાયો છે. તેમણે ઘટનાસ્થળની મુલાકાત લીધા બાદ કહ્યું કે, ‘આજે જે કંઈ પણ થયું તે કંપની અને બિલ્ડિંગના માલિકોની લાલચનું પરિણામ છે.’ તેમણે આવી ઘટના ફરી ન બને તે માટે તમામ સુરક્ષા નિયમો પુરા કરવા આદેશ આપ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કુવૈત આગને લઈને ટ્વિટ કર્યું છે. તેમણે કહ્યું કે, ‘કુવૈત શહેરમાં આગની ઘટના દુઃખદ છે. જે લોકોએ પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદના. હું પ્રાર્થના કરું છું કે ઈજાગ્રસ્ત લોકો જલ્દી સ્વસ્થ થઈ જાય. કુવૈતમાં ભારતીય દૂતાવાસ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને અસરગ્રસ્તોને સહાય પૂરી પાડવા માટે ત્યાંના અધિકારીઓ સાથે કામ કરી રહ્યું છે.’ભારતીય વિદેશમંત્રી એસ.જયશંકરે એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે, ‘કુવૈત શહેરમાં આગ લાગાવની માહિતી મળતા ઘણું દુઃખ થયું છે. આ ઘટનામાં ૪૦થી વધુના મોત થયા છે અને ૫૦થી વધુને હોસ્પિટલમાં દાખલ કરાયા હોવાની અમને માહિતી મળી છે. અમારા કુવૈત સ્થિત ભારતીય રાજદૂત ઘટનાસ્થળે પહોંચી ગયા છે. અમે વધુ માહિતીની રાહ જોઈ રહ્યા છીએ. મૃતકોના પરિવારજનો પ્રત્યે દુઃખ સંવેદના. જે લોકો ઈજાગ્રસ્ત થયા છે, તે લોકો ઝડપથી સાજા થવાની પ્રાર્થના કરું છું. અમારું દૂતાવાસા તમામ પ્રકારની મદદ કરશે.’

ગોધરા જય જલારામ શાળા વિવાદોમાં આવી

પંચમહાલ જિલ્લામાં નીટ પરીક્ષાના મામલે મોટો ઘટસ્ફોટ થયો

૧૬ વિદ્યાર્થીઓના નિવેદનો લેવાયા છે ચાર વિદ્યાર્થીઓએ નીટ પાસ કરવા માટે ૬૬ લાખ આપ્યા

પંચમહાલ,તા.૧૨

પંચમહાલ જિલ્લામાં નીટ પરીક્ષાના મામલે મોટો ઘટસ્ફોટ થયો છે. આ મામલાને લઈને ગોધરા જય જલારામ શાળા વિવાદોમાં આવી છે. ૧૬ વિદ્યાર્થીઓના નિવેદનો લેવાયા છે. ચાર વિદ્યાર્થીઓએ નીટ પાસ કરવા માટે ૬૬ લાખ આપ્યા હતા. ૧૨ વિદ્યાર્થીઓએ તો તેમા ચેકથી રૂપિયા આપ્યા હોવાની માહિતી છે. નીટના આ કૌભાંડની સઘન તપાસ થઈ રહી છે. પંચમહાલ જિલ્લાના ગોધરામાંથી દ્રઈઈ્ ની પરીક્ષામાં ગેરનીતિ થયાનો સૌથી મોટો ઘટસ્ફોટ થયો છે. જિલ્લા કલેકટર દ્વારા આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. કલેકટરની સજાક્તાના કારણે આ સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો છે. મળતી માહિતી અનુસાર, જય જલારામ સ્કૂલના શિક્ષક તુષાર ભટ્ટ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પરીક્ષા સેન્ટરના ડેપ્યુટી અધિક્ષકની કારમાંથી ૭ લાખ રૂપિયા રોકડા મળ્યા હતા, આ સિવાય છ વિધાર્થી પાસેથી વિધાર્થીદીઠ ૧૦-૧૦ લાખ રૂપિયા લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.જિલ્લા કલેકટરને મળેલી અંગત માહિતીના આધારે સમગ્ર કૌભાંડ સામે આવ્યું છે. પરીક્ષા કેન્દ્ર પર જીલ્લા કલેકટર, જીલ્લા અધિક કલેકટર અને DEO તપાસ માટે પહોચ્યા હતા. પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડેન્ટની ગાડીમાંથી મળી રૂ. ૭ લાખની રોકડ રકમ હતા. પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રીટેનમેન્ટના મોબાઈલમાંથી whatsapp ચેટમાં કુલ ૬ વિદ્યાર્થીઓને ચોરી કરાવી હોવાની માહિતી સામે આવી છે. એક વિદ્યાર્થી દીઠ ૧૦ લાખ રૂપિયા લેવાનું નક્કી થયા હોવાનું પણ સામે આવ્યું છે.સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ગોધરા તાલુકા પોલીસ મથકે ત્રણ ઈસમો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાય છે.

જય જલારામ સ્કૂલ ગોધરાના શિક્ષક તુષાર ભટ્ટ, વડોદરાના રોય ઓવરસીઝ નામની કંપનીના માલિક પરશુરામ રોય અને ગોધરાના આરીફ વોરા નામના ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધાય છે.

ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત નલિયામાં જખૌ મરીન પોલીસને ચરસના ૯ પેકેટો મળી આવ્યા

નલિયા,તા.૧૨

ગુજરાતમાં બિનવારસી ડ્રગ્સના પેકેટ મળી આવવાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે.નલિયામાં જખૌ મરીન પોલીસને ચરસના ૯ પેકેટો મળી આવ્યા છે. આંતરરાષ્ટ્રીય બજાર પ્રમાણે ચરસની કિંમત ૪.૮૦ કરોડ છે. સિંધોડી અને સૈયદ સુલેમાન પીર વચ્ચેના વિસ્તારમાંથી ચરસ મળ્યુ છે.અલગ અલગ વિસ્તારમાંથી બે દિવસમાં ૧૯ પેકેટ મળ્યા છે. આ અગાઉ દેવભૂમિ દ્વારકા જિલ્લા SOG તેમજ દ્વારકા પોલીસ દ્વારા દ્વારકા નજીકના દરિયા કાંઠા વિસ્તારમાંથી રૂપિયા ૧૬.૦૩ કરોડ કિંમતનો ૩૨ કિલોથી વધુ ચરસનો જથ્થો મળી આવ્યો હતો. આ પ્રકરણ બાદ સ્થાનિક પોલીસે જાહેર કરેલી ઝુંબેશ દરમિયાન રાત્રીના સમયે પોલીસને આશરે રૂપિયા ૪૩ લાખ જેટલી કિંમતનો વધુ પોણા નવસો ગ્રામ જેટલો ચરસનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો. તેમજ કચ્છના પિંગલેશ્વર નજીક ચરસના ૧૦ પેકેટ જપ્ત કરાયા હતા. આ અગાઉ દ્વારકા પોલીસ તથા એસ.ઓ.જી. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ત્રણ બાચકામાંથી સાંપળેલા ૩૦ પ્લાસ્ટિકના પેકેટમાં રહેલો આશરે ૩૨ કિલોથી વધુ વજનનું ચરસ બિનવારસુ હાલતમાં મળી આવ્યું. આશરે રૂપિયા ૧૬.૦૩ કરોડ જેટલી આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતા ચરસના આ જથ્થા સંદર્ભે દ્વારકા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ આ સમગ્ર પ્રકરણ અંગેની તપાસ દ્વારકા તાબેના મીઠાપુર પોલીસ મથકના પી.એસ.આઈ.ને સોંપવામાં આવી હતી. મીઠાપુર નજીકના મોજપ ગામના દરિયા કાંઠેથી વધુ એક પેકેટ બિનવારસી હાલતમાં સાંપડ્યું હતું. જે અંગેની પોલીસ તપાસમાં તેમાં ૮૭૨ ગ્રામ ચરસ હોવાનું ખુલવા પામ્યું હતુ.આશરે રૂપિયા ૪૨ લાખથી વધુની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતા આ ચરસના જથ્થાને પોલીસે કબજે લઈ અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કિરેન રિજિજુએ ટ્વિટર પર કરી પોસ્ટ

લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી શરૂ થશે અને 3 જુલાઈ સુધી ચાલશે

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૭ જૂને લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે

નવી દિલ્હી, તા.૧૨

સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુએ બુધવારે જણાવ્યું હતું કે ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી શરૂ થશે અને ૩ જુલાઈ સુધી ચાલશે. સત્ર દરમિયાન અધ્યક્ષની પસંદગી કરવામાં આવશે, નવા ચૂંટાયેલા સભ્યો શપથ લેશે અને સત્રના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ સંબોધન કરશે. દરમિયાન, રાજ્યસભાનું ૨૬૪મું સત્ર પણ ૨૭ જૂનથી શરૂ થશે અને ૩ જુલાઈએ સમાપ્ત થશે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી આ પહેલું સંસદ સત્ર હશે, જેમાં ભાજપ ઓછી સંખ્યા સાથે સત્તામાં પાછી આવી છે. સત્રના પ્રથમ ત્રણ દિવસોમાં નવા ચૂંટાયેલા નેતાઓ શપથ લેશે અથવા લોકસભાના સભ્યપદની પુષ્ટિ કરશે અને ગૃહના અધ્યક્ષની પસંદગી કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૭ જૂને લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે અને આગામી પાંચ વર્ષ માટે નવી સરકારના રોડમેપની રૂપરેખા આપશે. રિજિજુએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી શરૂ થશે અને આ સત્ર ૩ જુલાઈ સુધી ચાલશે. આ દરમિયાન નવા સભ્યો શપથ લેશે. આ ઉપરાંત અધ્યક્ષની પણ ચૂંટવામાં આવશે. રાષ્ટ્રપતિ પણ સત્ર દરમિયાન સંબોધન કરશે. વધુમાં તેમણે કહ્યું કે રાજ્યસભાનું ૨૬૪મું સત્ર પણ ૨૭ જૂને શરૂ થશે અને ૩ જુલાઈના રોજ પૂર્ણ થશે.

૨૭ જૂને રાષ્ટ્રપતિના સંબોધન પછી વડા પ્રધાન મોદી સંસદમાં તેમની મંત્રી પરિષદ રજૂ કરે તેવી શક્યતા છે. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં આક્રમક વિપક્ષ વિવિધ મુદ્દાઓ પર એનડીએ સરકારને ઘેરવાનો પ્રયાસ કરે તેવી શક્યતા છે. વડાપ્રધાન સંસદના બંને ગૃહોમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપશે. મોદી સરકાર ૩.૦ એક્શન મોડમાં હોય તેવું લાગી રહ્યું છે. જ્યારથી પીએમ મોદીએ શપથ લીધા છે, ત્યારથી તેઓ તેમના ૧૦૦ દિવસના એજન્ડા પર કામ કરતા જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે પીએમ મોદીએ પહેલેથી જ કહ્યું હતું કે એનડીએના છેલ્લા ૧૦ વર્ષ માત્ર ટ્રેલર હતા અને વાસ્તવિક ચિત્ર હજુ આવવાનું બાકી છે. આ દરમિયાન વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. સંસદના વિશેષ સત્રની તારીખ જાહેર કરવામાં આવી છે. આવી સ્થિતિમાં સૌની નજર સંસદના વિશેષ સત્ર પર રહેશે.

હું ક્યાંથી સાંસદ રહું? હું તમને જ સવાલ કરું છું : રાહુલ

વાયનાડથી સાંસદ તરીકે ચૂંટાયેલા રાહુલ ગાંધી લોકોને મળ્યા

હું વડાપ્રધાન મોદીની જેમ ભગવાન નથી, તેમની જેમ ઈશ્વરે મને નથી મોકલ્યો : હું તો એક સામાન્ય માણસ છું

વાયનાડ, તા.૧૨

કેરળના વાયનાડથી સતત બીજી વાર સાંસદ તરીકે ચૂંટાયેલા રાહુલ ગાંધી બુધવારે અહીંના લોકોને મળ્યા હતા. આ દરમિયાન તેમણે લોકોને ધન્યવાદ આપ્યા અને કહ્યું કે ‘બોલો, હું ક્યાંથી સાંસદ રહું? હું તમને જ સવાલ કરું છું કે શું પસંદ કરું, વાયનાડ કે રાયબરેલી? તેનું કારણ એ છે કે હું વડાપ્રધાન મોદીની જેમ ભગવાન નથી. તેમની જેમ ઈશ્વરે મને નથી મોકલ્યો. હું તો એક સામાન્ય માણસ છું. મારા ભગવાન તો ભારતના ગરીબો જ છે. એટલે મારે તમને પૂછીને જ નક્કી કરવું પડશે કે હવે શું કરવાનું છે.’

કેરળમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે ‘હું આશા રાખું છું કે વાયનાડ અને રાયબરેલીના લોકો મારા નિર્ણયથી ખુશ થશે. નફરતને પ્રેમથી અને અહંકારને નમ્રતાથી પરાજિત કરવામાં આવ્યા તે બદલ હું સૌનો આભારી છું.’

ખરેખર આ લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ યુપીના રાયબરેલી અને કેરળની વાયનાડ બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. તેમણે ઉત્તર પ્રદેશની રાયબરેલી લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહને ૩,૯૦,૦૩૦ મતોના માર્જિનથી હરાવ્યા હતા. જ્યારે વાયનાડમાં રાહુલ ગાંધીએ CPI(M)ના એની રાજાને પણ લગભગ ત્રણ લાખથી વધુ મતના માર્જિનથી હરાવ્યા હતા. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પણ રાહુલ ગાંધીએ બે બેઠક પરથી ચૂંટણી લડી હતી, પરંતુ અમેઠીમાં સ્મૃતિ ઈરાની સામે તેમનો પરાજય થયો હતો. આ વખતે રાહુલ ગાંધી રાયબરેલી અને વાયનાડ બંને બેઠકો પરથી જીત્યા છે. આવી સ્થિતિમાં તેમણે એક બેઠક પસંદ કરવી પડશે.

યુદ્ધ વચ્ચે દેશનું ભવિષ્ય અસ્તવ્યસ્ત છે

રાષ્ટ્રપતિ ઝેલેન્સકીનો કાર્યકાળ પૂરો થયા બાદ પણ ચૂંટણી નથી થઈ રહી

બે વર્ષથી વધુના યુદ્ધ પછી, હજુ પણ રશિયા સાથે શાંતિ સમજૂતી પર પહોંચવાની કોઈ શક્યતા નથી

નવી દિલ્હી, તા.૧૨

વોલોડીમીર ઝેલેન્સ્કીએ યુક્રેનના રાષ્ટ્રપતિ તરીકે પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે. બે વર્ષથી વધુના યુદ્ધ પછી, હજુ પણ રશિયા સાથે શાંતિ સમજૂતી પર પહોંચવાની કોઈ શકયતા નથી. કોમેડિયનમાંથી રાજકારણી બનેલા ઝેલેન્સકીએ ૨૦ મે, ૨૦૧૯ના રોજ દેશની સંસદમાં શપથ લીધા હતા.લગભગ ૭૩ ટકા મતોથી જીત્યા બાદ ઝેલેન્સકીએ કહ્યું હતું કે આપણે દરેક રાષ્ટ્રપતિ છીએ. આ ભાષણ ખૂબ જ પસંદ આવ્યું. પાંચ વર્ષ પછી તેમનો સત્તાવાર કાર્યકાળ સમાપ્ત થયો. આ હોવા છતાં, તેઓ હજુ પણ રાષ્ટ્રપતિ છે.યુદ્ધ વચ્ચે દેશનું ભાવિ અસ્તવ્યસ્ત છેદેશનો વિપક્ષ ચૂંટણી ઈચ્છે છે કારણ કે લડાઈ ગમે તેટલી લાંબી ચાલે તેમાં કોઈ વિશ્વાસ નથી. આવી સ્થિતિમાં યુદ્ધના માહોલ વચ્ચે દેશનું ભવિષ્ય અનિશ્ચિતતામાં ઘેરાયેલું જોવા મળી રહ્યું છે. રશિયાએ ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ મોટા પાયે આક્રમણ શરૂ કર્યું ત્યારથી, ઝેલેન્સકી આંતરરાષ્ટ્રીય મંચ પર એક જાણીતી વ્યક્તિ બની ગઈ છે, જેણે યુદ્ધમાં તેના દેશને બચાવવા માટે ટેકો અને વધુ શસ્ત્રોની માંગ કરી છે.રોયટર્સ સાથે વાત કરતા તેમણે કહ્યું કે માર્શલ લોના કારણે તેમણે પદ પર રહેવું પડશે. તેણે પોતે આ લશ્કરી કાયદો અમલમાં મૂક્યો. તમને જણાવી દઈએ કે જો આ કાયદો લાગુ ન થયો હોત તો યુક્રેનમાં માર્ચ ૨૦૨૪માં ચૂંટણી યોજાઈ હોત અને નવા રાષ્ટ્રપતિએ ૨૦ મેના રોજ શપથ લીધા હોત.માર્શલ લો એક્ટ એ એક કાયદો છે જે યુદ્ધ અથવા ગંભીર પરિસ્થિતિઓમાં લાદવામાં આવે છે, જ્યારે દેશમાં ગંભીર અસ્થિરતા હોય અથવા અન્ય દેશોને કારણે જોખમ હોય. માર્શલ લો દરમિયાન રાષ્ટ્રપતિ, સંસદીય અથવા સ્થાનિક ચૂંટણીઓ યોજી શકાતી નથી.આમાં થોડો વિરોધાભાસ જણાય છે. કલમ ૧૦૩ મુજબ દેશના રાષ્ટ્રપતિ પાંચ વર્ષ માટે ચૂંટાશે. કલમ ૧૦૮માં લખવામાં આવ્યું છે કે નવા દાવેદારની નિમણૂક ન થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિ સત્તામાં રહે છે.કિવમાં રાષ્ટ્રપતિને લઈને મૂંઝવણ છે. આ અંગે સ્પષ્ટતા મેળવવા માટે કિવ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયોલોજીએ એક મતદાન કર્યું હતું. આ મુજબ, ૬૯ ટકા યુક્રેનિયન જનતા ઈચ્છે છે કે માર્શલ લો સમાપ્ત થાય ત્યાં સુધી ઝેલેન્સ્કી રાષ્ટ્રપતિ બને, જ્યારે ૧૫ ટકા નવી ચૂંટણી ઈચ્છે છે. ૧૦ ટકા લોકો એવા છે જે રાષ્ટ્રપતિ પદ માટે વર્તમાન સંસદીય સ્પીકર ઈચ્છે છે. લગભગ ૫૩ ટકા જનતા ઈચ્છે છે કે ઝેલેન્સ્કી બીજી ટર્મ મેળવે, પરંતુ આ ટકાવારી દિવસેને દિવસે ઘટી રહી છે.

અગ્નિકાંડ બાદ તંત્ર એકા એક હરકતમાં આવ્યું

અગ્નિકાંડ બાદ સુરેન્દ્રનગર પ્રાથમિક શિક્ષણ વિભાગની કાર્યવાહી

૧૧ ખાનગી શાળાઓને બેદરકારી બદલ નોટિસ ફટકારવામાં આવી છે

રાજકોટ,તા.૧૨

રાજકોટ અગ્નિકાંડ બાદ તંત્ર એકા એક હરકતમાં આવ્યું છે. ગુજરાતમાં રહેલી ગેમઝોનથી લઈને શાળાઓ સુધીના તમામ એકમો પર ફાયર સેફટીના સાધનો અને NOCને લઈને તપાસ હાથ ધરી છે. ત્યારે સુરેન્દ્રનગરમાં પણ શિક્ષણ વિભાગ દ્વારા ખાનગી પ્રાથમિક શાળઆઓમાં સઘન ચેકિંગ હાથ ધર્યુ છે.સુરેન્દ્રનગરની આશરે ૧૧ જેટલી ખાનગી શાળાઓમાં સેફટી જ ન હોવાનો ખુલાસો થયો છે. ૧૧ ખાનગી શાળાઓને બેદરકારી બદલ નોટિસ ફટકારવામાં આવી છે. જીવના જોખમે બાળકો શાળાઓમાં અભ્યાસ કરતા હોવાનું બહાર આવ્યું છે.બીજી તરફ આ અગાઉ રાજકોટ અગ્નિકાંડ બાદ વડોદરામાં તવાઈ બોલાવામાં આવી હતી. ફાયર અને BU પરવાનગી વગર ચાલતી પ્રિ-સ્કૂલ પર કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરાના ૪ ઝોનમાં ચાલતી ૨૫ પ્રિ- સ્કૂલ સીલ કરાઈ હતી. રહેણાંક વિસ્તારમાં કોમર્શિલ વપરાશ કરતી પ્રિ-સ્કૂલ સીલ કરાઈ હતી.

અમરેલી ખાતે જી.કે.કે.એસ. કર્મચારી મંડળ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અમરેલી ગુર્જર કડિયા જ્ઞાતી સમાજ સંચાલિત જી.કે.કે.એસ. કર્મચારી મંડળ દ્વારા સ્નેહમિલન અને ડિરેકટરી વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. દિપ પ્રાગટયની શરૂઆત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં અમરેલી જીલ્લામાં વસતા કડિયા સમાજના ૪૦૦ કર્મચારીઓના વિભાગ વાઈઝ ડેટા એકત્રીત કરી અને એક ડિરેકટરી બનાવેલ અને તેમનું વિમોચન નાની બાળકીના વરદ હસ્તે તેમજ સમાજના આગેવાનો દ્વારા વિમોચન કરવામાં આવ્યું. ટ્રસ્ટી મંડળના સભ્યોનું સ્વાગત તેમજ ડિરેકટરી બનાવવા જે વેપારીઓએ દાન આપેલ તેવા દાતાઓનું રામ ભગવાનનો મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું તેમજ સંગઠનના કાર્યક્રમની રૂપરેખા અને યોજના વિશે સી.કે.ટાંક દ્વારા માહિતી આપી આ પ્રસંગે ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણ, સુરેશભાઈ સોલંકી, હીરેનભાઈ સોલંકી, ભીખુભાઈ ચૌહાણ જયંતિભાઈ મનાણી, મનુભાઈ ટાંક હરજીવનભાઈ ટાંક, હરેશભાઈ ટાંક, મનુભાઈ ટાંક, વિજયભાઈ ચોટલીયા આગેવાનો અને કડીયા સમાજના કર્મચીરોની બહોળી સંખ્યા ઉપસ્થિતી હતી. આ પ્રસંગે હરીભાઈ પોરીયા અને ત્રીવેણીબેન જેઠવાએ સમાજ ઉપયોગી ઉદબોધન કરેલ હતું. આ પ્રસંગે દાતા અને અમરેલી કડિયા સમાજના પ્રમુખ ભરતભાઈ ટાંક દ્વારા રૂા. ૨૧૦૦૦/– નું દાન અને શુભેચ્છા સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાયક્રમને સફળ બનાવવા જી.કે.કે.એસ. કર્મચારી અધ્યક્ષ સી.કે. ટાંક, સુરેશભાઈ ટાંક, સી.પી. ટાંક, હીરેનભાઈ સોલંકી, જયેશભાઈ ભરડવા, અશોકભાઈ મકવાણા, રજનીભાઈ ચૌહાણ, હાર્દીકભાઈ ટાંક, સૌરભભાઈ મકવાણા, સતીષભાઈ ચાવડા, અમીતભાઈ ટાંક, અમૃતભાઈ ટાંક, નીલેષભાઈ રાઠોડ, ભાવનાબેન ચોટલીયા, કાંતાબેન ટાંક,આ પ્રસંગે એનાઉન્સમેન્ટ સુરેશભાઈ ટાંક અને જયેશભાઈ બજાણીયાએ કરેલ હતું. જયેશભાઈ ગેડીયા તથા નીલેશભાઈ ટાંક દ્વારા સુગીત પીરસવામાં આવ્યું હતું. અમરેલી જી.કે.કે.એસ.પ્રમુખ સી.કે. ટાંકની અખબારી યાદીમાં જણાવે છે.

અવસાન નોંધ

અમરેલી : કંચનબેન નરેશભાઈ બાબરીયા તે દેવરાજભાઈ બાબરીયાનાં માતૃશ્રીનું તા.૧૧/૬ નાં રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેચણું ૧૩/૬ ને ગુરૂવારે સાંજે ૪થી ૬ આંબેડકર સમાજવાડી ચિતલરોડ ખાતે રાખેલ છે.

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૯૬૦	૧૨૭૬
૨	ઘઉં	૪૯૬	૫૧૧
૩	ચણા	૧૦૦૯	૧૨૭૬
૪	મગ	૧૨૭૫	૧૬૪૧
૫	તલ	૨૨૭૦	૨૪૫૧
૬	જુવાર	૫૭૬	૫૭૬
૭	સોયાબીન	૮૨૫	૮૩૦
૮	શીંગફાડા	૧૩૮૦	૧૪૦૧

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૦૦૦	૧૧૯૯
૨	શિંગ મોટી	૯૯૫	૧૨૫૯
૩	શિંગદાણા	૧૫૦૦	૧૯૦૦
૪	શીંગદાણા ફાડા	૧૩૧૦	૧૬૨૦
૫	તલ સફેદ	૧૬૦૦	૨૬૪૦
૬	તલ કાળા	૨૮૦૦	૩૨૪૦
૭	તલ કાશ્મીરી	૨૮૦૦	૩૦૪૨
૮	બાજરો	૪૦૦	૪૪૦
૯	જુવાર	૪૪૫	૮૯૦
૧૦	ઘંઉ ટુકડા	૪૬૯	૫૮૬
૧૧	ઘઉં લોકવન	૪૭૦	૫૯૨
૧૨	મકાઈ	૫૧૦	૬૦૦
૧૩	મગ	૧૧૯૦	૧૬૧૯
૧૪	અડદ	૧૫૩૦	૨૦૧૫
૧૫	ચણા	૧૦૩૦	૧૩૧૫
૧૬	તુવેર	૧૭૪૦	૨૧૯૬
૧૭	કપાસ	૯૨૦	૧૪૬૯
૧૮	એરંડા	૯૪૦	૧૦૭૨
૧૯	જીરૂ	૧૩૪૦	૪૯૦૦
૨૦	રાયડો	૯૮૬	૧૦૦૩
૨૧	રાય	૧૧૯૦	૧૧૯૦
૨૨	ધાણા	૭૦૦	૧૪૨૦
૨૩	અજમા	૧૪૦૦	૧૪૦૦
૨૪	મેથી	૧૦૫૦	૧૧૩૦
૨૫	સોયાબીન	૭૮૦	૮૭૮
૨૬	મરચાલાંબા	૬૪૦	૧૦૦૦
૨૭	વરીયાળી	૧૪૭૫	૧૪૭૫

પાના ૮ ઉપરનું ચાલું

દામનગરનાં ખોડિયારનગર વિસ્તારને

સત્તાધીશો એ જાહેર માં કહ્યું કે એક દિવસ થતો હશે તો બીજો દિવસ થવા નહિ દેવાઈ તેવી ખોડિયારનગર અને ખેડૂતો ની માંગ યોગ્ય હોવા નો એકરાર કર્યા ને છ માસ કરતા વધુ સમય થવા છતાં કાયમી રસ્તો તો દૂર પણ હંગામી રસ્તો પણ અપાવી શક્યા નથી પાલિકા સત્તાધીશો ની દાનત સાફ નથી પ્રાથમિક સુવિધા આપવા માં પણ નિષ્ફળ સત્તાધીશો ને શરમ આવવી જોઈએ જે હાલાકી ખેડૂતો અને ખોડિયારનગર ભોગવે છે તેવી હાલાકી તમારી હોય તો ? હજારો ના ભોગે દબાણદારની ખુશામત બંધ કરો પ્રાથમિક સુવિધા એ લોકોનો હક્ક છે ભીખ નહિ ચૂંટણી સમયે જેના મત મેળવી સતા મળી તેને પ્રાથમિક સુવિધા આપો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૨૬૦	૧૪૯૦
૨	મગફળી	૧૦૭૫	૧૧૬૫
૩	ચણા	૧૧૬૯	૧૩૨૧
૪	જીરૂ	૪૭૮૦	૫૩૧૦
૫	ઘઉં	૪૭૪	૪૮૬
૬	તલ સફેદ	૨૩૨૦	૨૪૦૦
૭	જુવાર	૬૨૫	૮૭૫

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૦૬૦	૧૧૮૧
૨	શીંગ મોટી	૧૦૫૦	૧૧૭૧
૩	શીંગ નવી	૧૦૯૦	૧૩૩૪
૪	શીગદાણા	૧૫૦૦	૧૮૦૦
૫	તલ સફેદ	૨૩૦૦	૨૬૪૮
૬	તલ કાળા	૨૭૫૦	૩૨૨૧
૭	જીરૂ	૪૬૦૦	૫૩૪૦
૮	કપાસ	૧૩૦૦	૧૪૭૦
૯	ઘઉં લોકવન	૪૫૦	૫૪૦
૧૦	ઘઉં ટુકડા	૪૭૦	૫૬૩
૧૧	બાજરો	૩૭૦	૪૬૫
૧૨	જુવાર	૪૨૫	૮૯૧
૧૩	મગ	૧૫૦૦	૧૮૦૦
૧૪	મેથી	૧૦૮૦	–
૧૫	ચણા	૧૨૦૦	૧૩૩૦
૧૬	તુવેર	૧૮૦૦	૨૦૦૦
૧૭	અડદ	૧૬૦૦	૧૭૫૦
૧૮	ધાણા	૧૧૫૩	૧૨૫૦
૧૯	સોયાબીન	૮૦૦	૮૫૭
૨૦	એરંડી	૧૦૦૦	૧૦૪૩

પાના ૧ ઉપરનું ચાલું

રાજુલાનાં વીકટર નજીકથી

તથા નાયબ કલેકટર રાજુલાને રજુઆત કરી માંગણી કરવામાં આવી હતી કે ચોમાસામાં રહેણાંક વિસ્તારમાં પાણી ન ભરાઈ તે માટે નેશનલ હાઈવેનાં સાઈડ રોડ પર ગટર બનાવવામાં આવે અને વિકટર પોર્ટ તથા અન્ય નેશનલ હાઈવેને જોડતા ગ્રામ્ય રોડ લેવલ કરવા માટે માંગ કરવામાં આવેલ છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા વિકટર ગ્રામજનોની માંગણી મુજબ કામગીરી કરવામાં આવે છે કે નહીં તે તો હવે આવનારો સમય જ બતાવશે.

પાના ૮ ઉપરનું ચાલું

બગસરા ખાતે બાળકોનું બ્રેઈનવોશ

આ બાળકના બ્રેઈનવોશ કરવામાં અને ભગાડવામાં ટ્રસ્ટીઓનો પણ હાથ છે તેવા અનેક પ્રકારના સવાલો આ હરિભકતોમાં તેમજ બાળકના પરિવારજનોમાં ઉઠી રહ્યા છે.

જયારે જાણવા મળેલી વિગત અનુસાર હજુ સુધી જે બે સાધુઓએ બાળકને ભગાડેલ હતો તે બંને બની બેઠેલા સાધુઓ ચૈતન્ય સ્વામી અને સદગુણ સ્વામી ઉપર હજુ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેના લીધે હરિભકતો તેમજ આ બાળકના પરિવારમાં ખુબ નારાજગી જોવા મળી રહી છે.

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૨૫૬	૧૪૨૦
૨	ચણા	૧૨૭૫	૧૨૭૫
૩	જુવાર સફેદ	૮૫૩	૮૬૦
૪	એરંડા	૧૦૫૧	૧૦૫૧
૫	મગફળી	૧૦૦૦	૧૦૦૦
૬	તલસફેદ	૨૪૭૬	૨૪૭૬
૭	ઘઉ	૫૪૬	૫૪૬
૮	જીરૂ	૫૧૬૧	૫૧૭૫

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૦૦	૧૩૬૫
૨	ચણા	૧૨૪૮	૧૨૯૭
૩	ધાણા	૧૨૪૦	૧૧૮૦
૪	ઘઉં લોકવન	૪૨૫	૪૯૩
૫	ઘઉં ટુકડા	૪૩૨	૪૯૦
૬	ડુગળી	૨૦૦	૨૫૦
૭	રજકાબી	૧૭૦૦	૧૯૦૦
૮	તલસફેદ	૧૮૦૦	૨૪૧૨
૯	શીગફાડા	૧૨૪૦	૧૪૫૦
૧૦	સોયાબીન	૬૮૦	૮૧૫
૧૧	મગ	૧૨૦૧	૧૫૯૨
૧૨	મેથી	૯૫૦	૧૦૦૦
૧૩	મગફળી	૮૦૦	૧૦૦૯
૧૪	તુવેર	૧૬૯૦	૧૯૦૮
૧૫	વાલ	૮૦૦	૮૫૦
૧૬	જુવાર	૪૩૦	૭૦૧
૧૭	બાજરો	૭૭૨	૪૦૦
૧૮	ચણાસફેદ	૧૨૦૦	૧૨૫૦
૧૯	શીંગદાણા	૧૫૨૫	૧૫૫૨

જાફરાબાદ તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રોમાં કેન્દ્ર સંચાલકની આવશ્યકતા

અમરેલી, તા. ૧૨

જાફરાબાદ તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રોમાં કેન્દ્ર સંચાલકની ૦૫ જગ્યાઓ માટે પુરૂષ અને સ્ત્રી (ફક્ત સ્થાનિક) ઉમેદવારોની આવશ્યકતા છે. ઓછામાં ઓછા ૨૦ વર્ષ પૂર્ણ કર્યા હોય અને વધુમાં વધુ ૪૫ વર્ષની વય મર્યાદામાં ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ કર્યુ હોય તેવા લાયક પુઢષ તથા સ્ત્રી ઉમેદવારો અરજી કરી શકે છે.

કેન્દ્ર સંચાલકોની આવશ્યકતા ઘેસપુર પ્રાથમિકશાળા, કેન્દ્ર નં.૦૭, સાગર શાળા જાફરાબાદ, કેન્દ્ર નં.૧૩, કુમાર શાળા ટીબી, કેન્દ્ર નં. ૧૭, ધોળાદ્રી પ્રાથમિક શાળા, કેન્દ્ર નં. ૨૦, મિતિયાળા પ્રાથમિક શાળા, કેન્દ્ર નં. ૩૪ ખાતે છે. આ જગ્યાઓ માટે અરજી કરવા ઈચ્છકુ હોય તેવા ઉમેદવારોએ જાફરાબાદ તાલુકા મામલતદાર કચેરી (મધ્યાહન ભોજન શાખા) (પી.એમ. પોષણ યોજના) ખાતેથી, કચેરી સમય દરમિયાન નિયત અરજી પત્રક મેળવી લેવા.

વધુમાં તે નિયત પત્રકમાં જરૂરી વિગતો ઉમેરી તે પત્રક સાથે યોગ્ય પ્રમાણપત્રોની ખરી નકલ તા.૨૫ જૂન, ૨૦૨૪ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યા સુધીમાં કરાવવાની રહેશે. આ અંગેની વધુ વિગતો માટે જાફરાબાદ તાલુકા મામલતદાર કચેરી (મધ્યાહન ભોજન શાખા) (પી.એમ.પોષણ યોજના) નો સંપર્ક કરવો. આ જગ્યાઓ માટે પસંદ થનારા ઉમેદવારોને માનદ વેતન મળવાપાત્ર થશે, તેમ જાફરાબાદ તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

સંકુલ BA-B.Com.-BBA-BCA-B.Sc.-B.Ed. પ્રવેશ
MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT પ્રવેશ
★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – બાયોટેક્નોલોજી – (બાયોકેમેસ્ટ્રી)
★ BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com & M.Com બન્ને મિડીયમ ★ BBA & MBA - BCA & MCA
★ B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
★ PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝુલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 012

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૮૦૦	૧૩૮૦
૨	તલ સફેદ	૨૦૦૦	૨૫૪૦
૩	તલ કાળા	૩૦૦૧	૩૦૦૧
૪	કપાસ	૧૧૦૦	૧૪૫૧
૫	બાજરો	૪૧૫	૪૩૬
૬	ઘઉં ટુકડા	૪૦૦	૪૬૧
૭	જુવાર	૩૫૦	૮૯૦
૮	મકાઈ	૪૩૧	૫૨૦
૯	મગ	૧૪૦૦	૧૫૫૦
૧૦	મેથી	૮૫૦	૧૦૦૦
૧૧	તુવેર	૧૬૨૫	૧૬૨૫
૧૨	ચણા	૯૦૦	૧૩૨૫
૧૩	શીગદાણા	૧૫૦૦	૧૫૦૦
૧૪	ચોળી	૩૦૦	૩૦૦
૧૫	રાય	૧૦૮૦	૧૦૮૦
૧૬	સોયાબીન	૮૦૧	૮૬૧
૧૭	રાજગરો	૮૦૦	૮૦૦

રાજુલા ખાતે આહીર સમાજ સમૂહલગ્ન સમિતિ દ્વારા સમૂલગ્નોત્સવ યોજાયો

રાજુલા આહિર સમાજ સમૂહલગ્ન સમિતિ દ્વારા ૨૩ માં સમૂહલગ્ન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવતા સમૂહલગ્નમાં જોડાયેલ ૩૯ નવદંપતીઓને આહિર સમાજની વાડી ખાતે સરકારમાંથી મળતી સહાય તેમજ મેરેજ સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ.જેમાં સમિતિના પ્રમુખ બાબુભાઈ વાણીયા સહિતની ટીમ દ્વારા મેરેજ સર્ટીફીકેટનું વિતરણ કરી સરકાર દ્વારા મળેલ સહાય બાબતે હાજર લોકો અને યુગલોને માહિતગાર કરવામાં આવેલ. સમૂહલગ્નમાં જોડાયેલ નવદંપતીઓને મેરેજ સર્ટિફિકેટ તેમજ સાતફેરા સમુહલગ્ન અને કુંવરબાઈનાં મામેરાની સરકારની નવ લાખ છત્રીસ હજારની સહાય આપવાની સુંદર કામગીરી હિતેશભાઈ કાતરીયા, ગોપાલભાઈ જાલોંધરા અને નાગજીભાઈ જીંજાળા સહિતની ટીમ દ્વારા કરવામાં આવી હોવાનું સમૂહલગ્ન સમિતિના પ્રમુખ બાબુભાઈ વાણીયા દ્વારા જણાવી આગામી સમયમાં લોકોની અનુકૂળતા મુજબ વધારે યુગલો જોડાય તે રીતે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવશે. આહિર સમાજની વાડી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પ્રમુખ બાબુભાઈ વાણીયા, ઘુઘાભાઈ કાતરીયા, બચુભાઈ જાલોંધરા, તાલુકા હેલ્થ ઓફિસર ડો. નિલેશભાઈ કલસરીયા, યાદવ યુવા ગ્રુપનાં પ્રમુખ લાલજીભાઈ જીંજાળા, ભુપતભાઈ લાડુમોર, નાગજીભાઈ જીંજાળા, નરશીભાઈ જાલોંધરા, હિંમતભાઈ જાલોંધરા, ધનજીભાઈ જાલોંધરા, નરેશભાઈ બલદાણીયા, હરેશભાઈ કાતરીયા,ચિથરભાઈ કાતરીયા, હર્ષદભાઈ હડિયા, ચીથરભાઈ જીંજાળા, ભુપતભાઈ બલદાણીયા, શામજીભાઈ હડિયા, માધાભાઈ જીંજાળા, દુલાભાઈ જાલોંધરા અને ભવાનભાઈ જીંજાળા સહિતના સભ્યો હાજર રહી કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ જે યાદીમાં જણાવેલ છે.

અમરેલી ખાતે વેપારી મહામંડળ અને રોટરી કલબ (ગીર) દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ

વેપારી મહામંડળ–અમરેલી તથા
રોટરી કલબ ઓફ અમરેલી ગીર
fortune

વેપારી મહામંડળ તેમજ રોટરી કબલ ઓફ ગીર ના સયુક્ ઉપક્રમે આયોજીત એપીએલ–૨ ક્રિકેટ લિંગનું અખાડાના ગ્રાઉન્ડમાં ખુબ સરસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરેલ હતુ જેમા ૩૨ જેટલી અલગ અલગ વેપારી સંસ્થાઓ દ્વારા ક્રિકેટ ટીમ ઉતારવામા આવેલ હતી અને ફાઈનલ રાઉન્ડ મા ફાઈનાન્સર ઈલેવન ટીમ વિજેતા થયેલ હતી તેઓને સ્પોનસર અને આયોજકો દ્વારા સિલ્ડ મેડલ અને ૩૩૦૦૦ રૂપિયા નુ પુરસ્કાર આપેલ હતા. જે માથી ફાઈનાન્સર ઈલેવન ટીમના તમામ ખેલાડીઓએ સર્વાનુમતે રૂપિયા ૧૧૦૦૦ બાળ વાત્સલ્ય કેન્દ્રમાં તેમજ રૂપિયા ૧૧૦૦૦ અશ્વમેધ ગ્રૃપ દ્વારા ચિતલ રોડ પર લિલીનીરણ ચારો નાંખવામાં આવે છે એ અશ્વમેધ ગૌ–સેવાયજ્ઞ માં તુલસીપત્ર રૂપે અનુદાન ભેટ આપેલ છે. વેપારી મહામંડળ ની ટીમ તેમજ રોટરી ક્લબ ઓફ ગીર તેમજ અશ્વમેધ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ ફાઈનાન્સર ટીમ ને અભીનંદન સહ આભાર વ્યકત કરેલ હતો.

મહા રક્તદાન નિમિત્તે આયોજન

લીલીયામોટાનાં સીએચસી ખાતે શુક્રવારે રક્તદાન કેમ્પ યોજાશે

રક્તદાનઓને રક્તદાન કરવા અનુરોધ

લીલીયા મોટા, તા. ૧૨

લીલીયા મોટા સિવિલ હોસ્પિટલ ખાતે મહા રક્તદાનના દિવસે લીલીયા તાલુકા હેલ્થ ઓફિસર સિધ્ધપુરાના માર્ગદર્શન તળે રક્ત દાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હોય જેમાં લીલીયા તાલુકાની જનતાને વધુમાં વધુ આ કેમ્પમાં સ્વૈછીક રક્તદાન કરી એક ઉત્તમ સેવા કરવા ટી.એચ.ઓ. દ્વારા વિનંતિ કરવામાં આવેલ છે આ રક્ત દાન કેમ્પ તારીખ : ૧૪/૬/૨૦૨૪ શુક્રવાર સમય : સવારના ૯:૩૦ થી બપોરના ૧:૦૦ સુધી સામુહિક આરોગ્ય કેન્દ્ર, પીપળવા રોડ, મુ. મોટા લીલીયા ખાતે રાખવા આવેલ છે. આ રક્તદાન કેમ્પમાં કોણ રકતદાન કરી શકે (૧) જેમની ઉમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોય તથા ૬૦ વર્ષથી ઓછી હોય (૨) જેમનું વજન ૫૦ કિલો કે તેથી વધુ હોય (૩) જેમને કોઈ બીમારી ના હોય (૪) સ્ત્રીઓ માટે માસિક ચક્રના ૧૧ થી ૨૦માં દિવસ દરમ્યાન જ રકતદાન કરી શકાય છે. તો આ રક્તદાન કેમ્પમાં લીલીયા તાલુકાની જનતા વધારેમાં વધારે રક્તદાન કરે તેવી અપીલ કરવામાં આવી રહી છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

મહિલા સશક્તિકરણ માટે યોગ

અમરેલી જિલ્લામાં ૨૧ જૂને વિશ્વ યોગ દિવસની શાનદાર ઉજવણી થશે

કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને આયોજન બેઠક યોજાઇ

અમરેલી, તા.૧૨

શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ઉત્તમ એવી યોગિક ક્રિયાના સાર્વત્રિક મહાત્મ્ય માટે તા.૨૧ જૂનના રોજ સમગ્ર અમરેલી જિલ્લામાં વિશ્વ યોગ દિનની શાનદાર ઉજવણી થશે. આ કાર્યક્રમની ઉજવણી માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શ૧ કરવામાં આવી છે. ઉજવણી સંદર્ભે પૂર્વ તૈયારીઓ અને આયોજન અર્થે અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી. કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટરએ દિશાદર્શન કર્યુ હતુ.

યોગ એ ભારતીય સંસ્કૃતિની ધરોહર સમાન છે, યોગ પ્રત્યે નાગરિકો જાગૃત્ત બને અને વધુમાં વધુ નાગરિકો યોગાસન કરે અને યોગને પોતાની જીવનશૈલીમાં અપનાવે તેવા હેતુ સાથે વિશ્વ યોગ દિન પૂર્વે તા.૧૬ થી તા.૨૦ જૂન દરમિયાન જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં યોગ કાર્યક્રમો યોજાશે. મહત્વનું છે કે, વર્ષ–૨૦૨૪ની ઉજવણીમાં મહિલા સશકતિકરણ થીમ રહેશે. તા.૨૧ જૂન, ૨૦૨૪ના રોજ અમરેલી સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે. વિશ્વ યોગ દિન પૂર્વે તા.૧૬ થી તા.૨૦ જૂન દરમિયાન સ્પોર્ટસ સંકુલ–અમરેલી, ભુરખિયા મંદિર, ગજેરા સંકુલ–અમરેલી, આંબરડી સફારી પાર્ક–ધારી, દીકરાનું ઘર–અમરેલી, સરકેશ્વર બીચ–જાફરાબાદ, પીપાવાવ પોર્ટ, શિયાળબેટ માપ્રયમિક શાળા, ચલાલા, દામનગર, સાવરકુંડલા, લીલીયા, ખાંભા, બાબરા સહિતના શહેરી–ગ્રામ્ય વિસ્તારમાં કાર્યક્રમો યોજાશે. આ ઉજવણીમાં વિવિધ ખાનગી કંપનીઓ, ખાનગી શૈક્ષણિક સંસ્થા–શાળાઓ સહિતની જુદાં–જુદાં ક્ષેત્રની ખાનગી સંસ્થાઓ જોડાશે.

જિલ્લાના વિવિધ સ્થળો પર થતી ઉજવણીમાં આઈકોનિક સ્થળ, પોલીસ સ્ટેશન, આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક થી ઉચ્ચત્તર માધ્યમિક શાળા અને મહાશાળાઓમાં યોગ દિનની ઉજવણી થશે. વરસાદની સ્થિતિ હોય તો વૈકલ્પિક વ્યવસ્થા થઈ શકે તેવું આયોજન હાથ ધરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન મુખ્ય યોગ શિક્ષક માટે અલગ બેઠક વ્યવસ્થા રહેશે. દિવ્યાંગજનો પણ યોગ દિન ઉજવણી કાર્યક્રમમાં જોડાશે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ સંબંધિત અધિકારીઓને, તેમણે કરવાની કામગીરી અંગે જરૂરી સૂચન કર્યા હતા. બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, જિલ્લા શિક્ષણાધિકારીઓ, પ્રાંત અધિકારીઓ, તાલુકા મામલતદારઓ, જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા યોગ કો–ઓર્ડિનેટર સહિતના સંબંધિત અધિકારીઓ–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીનાં નગર સેવકે જન્મદિને સેવા કાર્ય કર્યુ

અમરેલી, તા. ૧૨

સેવાને સરનામે ઉમળકા સાથે તા. ૧૧–૦૬–૨૦૨૪નાં રોજ સારહી પરીવારના સભ્ય અમરેલી નગર પાલિકા યુવા સદસ્ય તથા આરોગ્ય સમિતિનાં ચેરમેન હરિભાઈ કાબરિયાના જન્મ દિવસ નિમિતે સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં ૧૧,૦૦૦/– રૂ. નું અનુદાન આપેલ કાબરીયા પરીવાર ઉપસ્થિત રહ્યું હતું સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા, પ્રેરણા સ્ત્રોત, સારહી યુથ ક્લબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી.

આ અવસરે સારહી યુથ ક્લબ ના કાર્યકારી પ્રમુખ સુરેશભાઈ શેખવા એ અનુદાન સ્વીકારેલ. સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

અમરેલી જિલ્લામાં ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના નવા એગ્રી બિઝનેસ સેન્ટર શરૂ કરવા અરજી કરવા અનુરોધ

અમરેલી, તા.૧૨

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ એ રાજય સરકાર સંચાલિત સરકારી સાહસ છે. આ સાહસ થકી ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તા વાળી ખેત સામગ્રી સમયસર તેમજ વ્યાજબી ભાવે નજીકના સ્થળેથી મળી રહે તે માટે સમગ્ર રાજયમાં ૧,૩૦૦થી વધારે એગ્રો સર્વિસ સેન્ટર–એગ્રી બિઝનેસ સેન્ટરનું સંચાલન થઈ રહ્યુ છે.

આ સેન્ટરો પરથી વિવિધ રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, પ્રવાહી જૈવિક ખાતરોના વેચાણની તેમજ સરકારની જુદી–જુદી યોજનાઓની ખેડૂતલક્ષી કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી અંતર્ગત અમરેલી જિલ્લામાં ડેડાણ, વંડા (સાવરકુંડલા), ચલાલા (ધારી), અમરાપુર (અમરેલી), ડુંગર (રાજુલા) સ્થળો પર નવા એગ્રી બિઝનેસ સેન્ટર સ્થાપવા માટે જરૂરીલાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

અરજી પત્રકો નિગમની અમરેલી કચેરી ખાતેથી મળશે. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ, હોટલ અવધ નીચે, ડા.કે.વી. પરીખ રોડ, જૂના માર્કેટિંગ યાર્ડ સામે, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ ખાતેથી ઉપરાંત ગાંધીનગર સ્થિત વડી કચેરી ખાતેથી, કચેરી સમય દરમિયાન મળી શકશે. વધુ વિગતો નિગમની વેબસાઈટ www.gaic.gov.in પર મળી રહેશે, તેમ અમરેલી ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રી કોર્પોરેશન લિમિટેડના સેન્ટર ઈન્ચાર્જએ એક યાદીમાં જણાવ્યું છે.

WHO એ પુષ્ટિ કરી

ભારતમાં H9N2 બર્ડ ફ્લૂનો મળ્યો બીજો કેસ

નવી દિલ્હી, તા.૧૨

છેલ્લા કેટલાક દિવસોથી સમગ્ર વિશ્વમાં બર્ડ ફ્લૂ ચિંતાનો વિષય બન્યો છે. જ્યારે અમેરિકામાં બર્ડ ફ્લૂથી સંક્રમિત માનવીઓના ઘણા કેસો નોંધાયા છે. પ્રથમ વખત, મેક્સિકોમાં સબ-ટાઈપ ઈન્ફલુએન્ઝા છ (H9N2) વાયરસને કારણે પ્રથમ વખત કોઈ વ્યક્તિનું મૃત્યુ થયું છે. હવે ભારતમાં પણ આ વાયરસનો એક કેસ સામે આવ્યો છે. પશ્ચિમ બંગાળમાં ચાર વર્ષનો બાળક H9N2 બર્ડ ફ્લૂ વાયરસથી સંક્રમિત જોવા મળ્યો હતો. ભારતમાં H9N2 બર્ડ ફ્લૂનો પ્રથમ કેસ ૨૦૧૯ માં નોંધાયો હતો.

પક્ષીઓને મારી નાખતો બર્ડ ફ્લૂ હવે માનવીઓ માટે પણ ખતરનાક બની રહ્યો છે. તાજેતરમાં, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ મેક્સિકોમાં બર્ડ ફ્લૂના કારણે પ્રથમ મૃત્યુની પુષ્ટિ કરી હતી. હવે આ અંગે ભારતમાંથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ભારતના ઈન્ટરનેશનલ હેલ્થ રેગ્યુલેશન (IHR) નેશનલ ફોકલ પોઈન્ટ (NFP) એ ૨૨ મેના રોજ પશ્ચિમ બંગાળ રાજ્યમાં રહેતા ૪ વર્ષના બાળકમાં એવિયન ઈન્ફલ્યુએન્ઝા છ (H9N2) વાયરસથી માનવ સંક્રમણના કેસ વિશે WHOને જાણ કરી હતી. અને મંગળવારે કહ્યું કે બર્ડ ફ્લૂના કારણે કોઈ વ્યક્તિ બીમાર પડવાનો આ પહેલો કેસ છે. આ બાળકને અગાઉ હાઈપરરિએક્ટિવ એરવે ડિસીઝ હોવાનું નિદાન થયું હતું. શરૂઆતમાં તાવ અને પેટમાં દુખાવાની ફરિયાદ બાદ ૨૬ જાન્યુઆરીએ તેમને ડૉક્ટર પાસે લઈ જવામાં આવ્યા હતા. આ પછી, ૨ ફેબ્રુઆરીએ, દર્દીને સ્થાનિક સરકારી હોસ્પિટલમાં વાયરસ રિસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટિક લેબમાં ઈન્ફલ્યુએન્ઝા બી અને એડેનોવાયરસ પોઝિટિવ હોવાનું જણાયું હતું. WHOએ કહ્યું કે દર્દીને શ્વાસ લેવામાં સતત તકલીફ થઈ રહી હતી. તેને ખૂબ તાવ અને પેટમાં ખેંચાણની ફરિયાદ પણ કરી હતી. જે બાદ ફેબ્રુઆરીમાં તેમને હોસ્પિટલના પીડિયાટ્રિક ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં દાખલ કરવામાં આવ્યા હતા. લગભગ ૩ મહિના સુધી તપાસ અને સારવાર બાદ તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. WHO એમ પણ કહ્યું કે જ્યારે બાળકમાં આ લક્ષણો જોવા મળ્યા ત્યારે રસીકરણ અને સારવાર અંગે કોઈ વિગત ઉપલબ્ધ ન હતી. એનિમલ ઈન્ફલ્યુએન્ઝા વાયરસ સામાન્ય રીતે પ્રાણીઓમાં ફેલાય છે, પરંતુ તે મનુષ્યોને પણ સંક્રમિત કરી શકે છે. મનુષ્યોમાં ચેપ મુખ્યત્વે ચેપગ્રસ્ત પ્રાણીઓ અથવા દૂષિત વાતાવરણ સાથે સીધા સંપર્ક દ્વારા ફેલાય છે. ઈન્ટરનેશનલ હેલ્થ રેગ્યુલેશન્સ (IHR) મુજબ, નવા ઈન્ફલ્યુએન્ઝા છ વાયરસ પેટાપ્રકારને કારણે માનવીય ચેપ એ એક એવો કેસ છે જેની જાહેર આરોગ્ય પર નોંધપાત્ર અસર થવાની સંભાવના છે.

ચંદ્રબાબુ નાયડુ અને આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી

મોદીની હાજરીમાં આંધ્રપ્રદેશના ૪થી ટર્મ માટે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

હૈદરાબાદ, તા.૧૨

તેલુગુ દેશમ પાર્ટીના સુપ્રીમો નારા ચંદ્રબાબુ નાયડુએ ૧૨ જૂન, બુધવારે ચોથી ટર્મ માટે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રીઓ જે.પી. નડ્ડા અને બંદી સંજય કુમાર અને અન્ય કેટલાક નેતાઓ શપથવિધિ સમારોહમાં હાજર રહ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે વિજયવાડામાં એક સમારોહમાં આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા પછી નારા ચંદ્રબાબુ નાયડુનું સ્વાગત કર્યું. ચંદ્રાબાબુ નાયડુએ વિજયવાડાની બહાર કેસરાપલ્લીમાં ગન્નાવરમ એરપોર્ટ નજીક સવારે ૧૧.૨૭ વાગ્યે શપથ લીધા. નાયડુની સાથે જનસેનાના વડા પવન કલ્યાણ, TDP સુપ્રીમોના પુત્ર નારા લોકેશ અને અન્ય ૨૨ લોકોએ પણ શપથ લીધા હતા. ઉલ્લેખનીય છે કે પવન કલ્યાણને નાયબ મુખ્યમંત્રી પદની ઓફર કરવામાં આવી હોવાનું કહેવાય છે. જનસેનાને ત્રણ કેબિનેટ અને એક ભારતીય જનતા પાર્ટીની ઓફર કરવામાં આવી રહી છે. ૧૧ જૂનના રોજ અલગ-અલગ બેઠકોમાં, તેલુગુ દેશમ વિધાનમંડળ પક્ષ અને NDA ભાગીદારોએ નાયડુને તેમના નેતા તરીકે ચૂંટ્યા.

ધારાસભ્યોને સંબોધતા, નાયડુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ અમરાવતીને રાજયની એકમાત્ર રાજધાની તરીકે વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે. "તમારા તમામ સહકારથી, હું આવતીકાલે (CM તરીકે) શપથ લઈ રહ્યો છું અને તે માટે હું તમારા બધાનો આભાર માનું છું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શપથ ગ્રહણ સમારોહ માટે આવી રહ્યા છે," નાયડુએ ઉમેર્યું હતું કે, તેમણે તેમની પાસેથી સહકાર માંગ્યો હતો. આંધ્રપ્રદેશના વિકાસ માટે કેન્દ્ર સરકાર અને તેને "આશ્વાસન" આપવામાં આવ્યું હતું.

અમરેલીના સ્વામી મંદિર પાણી દરવાજા દ્વારા માતૃપિતૃ વંદના કાયક્રમ યોજાયો

સ્વામીનારાયણ મુખ્ય મંદિર, પાણી દરવાજા અમરેલી દ્વારા સંચાલિત ઘનશ્યામ બાલ–બાલિકા મંડળ દ્વારા સદગુરૂ ભકિતસંભવદાસજી સ્વામીની પ્રેરણાથી તા. ૦૯/૦૬ઢ /૨૦૨૪ને રવિવારના રોજ બાળકોને માતા–પિતા પ્રત્યે અરસપરસ લાગણી થાય તેવા ભાવથી માતૃ–પિતૃ વંદના પર્વ–૩ ખૂબ ધામ ધૂમથી ઉજવવામાં આવ્યો હતો. માતૃ પિતૃ પૂજનમાં ૫૦૦ ઉપરાંત માતા–પિતા તથા બાળકોએ ખૂબ ઉત્સાહ સાથે લાભ લીધો હતો શાસ્ત્રી સ્વામીએ શ્લોકના ગાન સાથે પૂજન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં ધર્મવલ્લભદાસજી સ્વામી બાબરા તથા શાસ્ત્રી હરિસ્વરૂપદાસજી સ્વામી તથા સર્વમંગલ સ્વામી બાબરાથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ શ્રીજી ફાર્મના માલિક રમણીભાઈ માંગરોળીયા તથા અગ્રણી રાજેશભાઈ માંગરોળીયા તથા સંદીપભાઈ માંગરોળિયા તથા રાજકોટથી ખાસ અગ્રણી ઘનશ્યામભાઈ કરકર અને જૂનાગઢથી ચંદ્રેશભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ માતૃ–પિતૃ પૂજન બાદ ૧૨૦૦ ભકતોએ ભોજન–પ્રસાદનો લાભ લીધો હતો અને ભોજન પ્રસાદ બાદ મહારાષ્ટ્ર (મુંબઈ)થી ખાસ પધારી જાદુગર અમિતભાઈ સોલંકીએ મેજિક–શો દ્વારા ભકતોને ખૂબ આનંદ કરાવ્યો હતો અને હરિદ્વારથી ઉપસ્થિત યુવા યોગાચાર્ય ઉજજવલ શર્માએ પણ અદભુત યોગદર્શન કરાવ્યા હતા. આ મેજિક શોમાં ૧૫૦૦ થી વધારે ભકતોએ પધારી મેજિક–શો નિહાળ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પાર્ષદ ઋષિભગત સાથે રહીને બાળકો યુવક મંડળના યુવાનોએ તનતોડ મહેનત કરી હતી અને આ સાથે સાથે બાલિકાઓ યુવતી મંડળની યુવતીઓ અને મહિલા ભકતોએ પણ ખૂબ સેવા કરી હતી. આ ક્રાયક્રમમાં ઋષિભગતના ભાવથી ઘણા આત્મીય ભકતોએ તન–મન અને ધને કરીને પણ સેવા કરી હતી. અને ખૂબ સરસ કાર્યક્રમ સમ્પન્ન થયો હતો.

આગ લાગે ને કૂવો ખોદવો તેના કરતાં પાણી પહેલા પાળ બાંધો

શાળાઓ શરૂ થતી હોય સ્કૂલવાનને નિયમાનુસાર ચલાવો

નાના એવા વાહનમાં ૧૦ થી ૧૫ બાળકોને ઘેટા બકરાની જેમ ભરવામાં આવતાં હોય લગામ લગાવો

મનફાવે તે ગતિએ લવરમુછિયા યુવાનો સ્કૂલવાન ચલાવતાં હોય તેવા દ્રશ્યો સર્જાવા ન જોઈએ

શાળા સંચાલકોએ પણ જે કોઈ સ્કૂલવાનને કોન્ટ્રાકટ આપે તેની પાસે નિયમોનો આગ્રહ રાખવો પડશે

કોઈનાં વ્હાલસોયાને દરરોજ સ્કૂલે લઈ–મુકી જતાં વાહનો નિયમ મુજબ જ ચાલવા જોઈએ

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લાની શાળાઓમાં વેકેશન પૂર્ણ થતાં પુનઃ શરૂ થતી હોય શહેરમાં માંતેલા સાંઢની જેમ સ્કૂલવાન દોડતી થવાની હોય ટ્રાફિક, શાળા સંચાલકો અને આરટીઓ વિભાગે સ્કૂલવાનને નિયમ મુજબ ચલાવવા માટે જે કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તે કરવી જરૂરી છે. સ્કૂલવાનમાં સવાર બાળકોની જીંદગી જોખમમાં મુકાઈ તે પહેલા જ પાણી પહેલા પાળ બાંધવી પડશે.

અમરેલીમાં સ્કૂલવાનમાં ૧૫થી૨૦ બાળકોને ઘેટા–બકરાની જેમ ભરીને લવરમુછિયા યુવાનો બેફામ ગતિએ અને સીનસપાટા સાથે અવરજવર કરતાં હોય તેવા દ્રશ્યો જોવા મળતાં હોય છે જે બંધ થવું જોઈએ.

શહેરની તમામ ખાનગી શાળાનાં સંચાલકોનાં વિશ્વાસે વાલીઓ તેમના વ્હાલસોયા સંતાનને સ્કૂલવાનમાં શાળાએ મોકલતાં હોય શાળા સંચાલકોએ સ્કૂલવાન માટેનાં જે નિયમોને આધીન સ્કૂલવાન ચાલે તેને જ કોન્ટ્રાકટ આપવો પડશે. જો શાળા સંચાલકો બેદરકાર રહે તો ટ્રાફિક અને આરટીઓ વિભાગે સ્કૂલવાનનો કલર, તેની કેપેસીટી, ચાલકની લાયકાત, વ્યાજબી ફી વિગેરે બાબતોની કાળજી લેવી પડશે નહિ તો કોઈ અકસ્માતની ઘટના બનશે તો શાળા સંચાલકો, ટ્રાફિક અને આરટીઓ વિભાગની જવાબદારી નકકી થશે.

એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

વડિયાનાં બાંભણીયા ગામેથી વિદેશીની દારૂની ૪૫ બોટલ ઝડપાઈ

આરોપી પિન્ટુ ઉર્ફે મુન્નો ચાવડા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૧૨

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગત તા.૧૧ના રોજ વડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીના આધારે વડીયા તાલુકાના બાંભણીયા ગામે દરોડો કરતાં આરોપી પીન્ટુ ઉર્ફે મુન્નો જેન્તીભાઈ ચાવડા, (રહે. બાંભણીયા) નામના ઈસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ ૪૫ કિંમત રૂપિયા ૧૬,૦૨૦ તથા ૫૦૦ એમ.એલ.ના બિયર ટીન નંગ–૧૨ કિંમત રૂપિયા ૧૫૦૦ મળી કુલ રૂપિયા ૧૭,૫૨૦ના મુદ્દામાલ સાથે પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા વડિયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

White Lace
White Lace

બાળકનાં પિતાને ટ્રસ્ટી સહિતનાઓ પાસેથી ઉડાઉ જવાબ મળ્યો

બગસરા ખાતે બાળકોનું બ્રેઈનવોશ કરનાર સાધુ ચૈતન્ય સ્વામી સામે કોઈ તપાસ થતી નથી

ધાર્મિક સંસ્થામાં ઘુસી ગયેલ લેભાગુઓ સામે કાર્યવાહી કરવા માંગ

બગસરા, તા. ૧૨

બગસરા સ્વામિનારાયણ મંદિરના બની બેઠેલા સાધુ ચૈતન્ય સ્વામી દ્વારા બાળકના પિતા સાથે ઉદ્ધતવર્તન કરી મને ફોન ન કરવો એવા ઉડાવ જવાબ આપી પોતે આ ગુનાઓમાં સંડોવાયેલા છે તેની ખાત્રી આપી હોય તેવું લાગી રહયું છે.

હાલમાં જ બનેલ બાળકોના બ્રેઈનવોશની ઘટનામાં બાળકના પિતા દ્વારા આજીજી કરવામાં આવેલ હતી પરંતુ બાળકના પિતા દ્વારા બગસરા સ્વામી મંદિરના ગુરૂ લક્ષ્મીપ્રસાદને રજુઆત કરવામાં આવી હતી. જેને અનુસંધાને તમામ પરિવારના સભ્યો દ્વારા ગુરૂને કહેવામાં આવેલ પરંતુ ગુરૂએ ફકત એક લીટીમાં જવાબ આપવામાં આવેલ હતો કે હવે અમારા તરફથી કોઈ ફોન નહિ આવે. ત્યારે આ તમામ હરીભકતો તેમજ બાળકના પરિવારજનો આવા જવાબથી સંતુષ્ઠ ના થયા હતા અને ત્યારબાદમાં સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટીએ પ્રમુખ દલસુખભાઈને ફોન કરતા તેમણે જણાવેલ કે અમારે કોઈને કાઢવા નથી તમારે થાય તે કરી લો અને તમારા છોકરાને સમજાવવો જોઈએ કોઈ પણ સાધુઓ દ્વારા કહેવામાં આવેલી વાતોના માનવીકે કોઈના દોરવાયા દોરવાઈ નહી અને એટલી તમારે કાળજી રાખવી કે તમારો બાળક કોની સાથે વાત કરે છે, શું કરે છે આવા અપમાનજનક જવાબ આપી આ બાળકના પિતાને અપમાનિત કરવામાં આવ્યા હતા. જયારે આ બાળક નાબાલિક હોવાથી બાળકોના મગજમાં જે ઉતરે તે ઉતરી જાય છે. ત્યારે આ મહાન સંપ્રદાયના બની બેઠેલા સાધુઓ દ્વારા આવા હિનકક્ષાના કૃત્યને આ મંદિરના ગુરૂ તેમજ ટ્રસ્ટીઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે પછી

અનુસંધાન પાના ૬ ઉપર

આકરી ગરમીથી સૌ કોઈ પરેશાન

દામનગરમાં તાપમાનનો પારો ઉંચે ચડતા બજારો સુમસામ બની

વરસાદની ચાતક નજરે રાહ જોવાઈ રહી છે

દામનગર, તા. ૧૨

એકજ ચર્ચા દામનગરમાં ઉચા તાપમાનમાં બજારો સૂમસામ જોવા મળી રહી છે. ઉનાળાનાં દિવસોમાં તાપમાને ભુક્કા બોલાવી દીધા..સૌરાષ્ટ્ર – ગુજરાતમાં એપ્રિલ – મે મહિનાના દિવસોમાં ૪૪–૪૭ ડિગ્રી સુધી તાપમાન નોંધાયું હતું. ઉચા તાપમાનનાં દિવસોમાં જનજીવન ઉપર ભારે અસર થઈ હતી. પશુ –પક્ષીઓ અકળાઈ ઉઠયા હતા. ઉનાળાના છેલ્લા દિવસોમાં અમરેલી જિલ્લામાં ચોમાસા પહેલાનો વરસાદ તો થયો, હજુ વરસાદી માહોલ છે, ત્યારે પણ દામનગર શહેરમાં આજે બુધવારે તાપમાન ૩૯ જેટલું રહ્યું હતું, ત્યારે બજારો સૂમસામ બની હતી. તે દ્રશ્યમાન થાય છે.

કમરનાં મણકાનાં દુઃખાવાની તકલીફ હતી

અમરેલીમાં મહિલાનું પડી જવાથી કમકમાટીભર્યુ મોત

સારવાર દરમિયાન મોત થયું

અમરેલી, તા. ૧૨

અમરેલીના ગાયત્રી મંદિર પાછળ, ચિતલ રોડ ઉપર આવેલ વૃંદાવનનગરમાં રહેતા કંચનબેન નરેશભાઈ બાબરીયાને કમરના મણકાનાં દુઃખાવાની તકલીફ હોય અને તેનું ઓપરેશન પણ ગત તા. ૯/૨ ના રાજકોટ ખાતે કરાવેલુ અને ત્યારથી તેઓ પથારીવસ હતા. તેઓ હાલ ચાલી શકતા ન હતા અને બે માસ પહેલા પોતાની મેળે જાતેથી ચાલવાની કોશિષ કરતા તેઓ પડી જતા ડાબા પગે ફેકચર થયેલ હોય. જેથી પગનો દુઃખાવો તથા કમરના દુઃખાવાની બીમારીના કારણે તા. ૧૧ના સવારના પોણા નવેક વાગ્યાથી બપોરના પોણા ચારેક વાગ્યા દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

કોંગી નગરસેવિકાની ચીફ ઓફિસરને રજૂઆત

અમરેલીનાં વોર્ડ–૯માં ગટરની સફાઈ કરવામાં દે ધનાધનનો આક્ષેપ

કોન્ટ્રાકટર એજન્સીનું બિલ મંજૂર ન કરવા માંગ

અમરેલી, તા. ૧૨

અમરેલીનાં વોર્ડ–૯ના નગરસેવિકા સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને ગટર સફાઈ કાર્યમાં દે ધનાધન થતી હોવાની ફરિયાદ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરમાં આવેલ વોર્ડ–૯માં હરી આલાના નાકાથી સુંડલાવાળાના નાકા સુધી મોટી ગટરસ સાફ કરવા વારંવાર રજુઆત કરવામાં આવેલ કે હરી આલા નાકાથી સુંડલાવાળાના નાકા સુધીની મસમોટી ગટરને તોડી અને નવુ સમારકામ કરી આપવાની બાબત અંગે પત્ર વ્યવહાર કરેલ છે છતાં જે વ્યકિતને આ કામ સોંપવામાં આવેલ છે તે લોકો ચોમાસુ આવી જતા આ કામ પૂર્ણ કરેલ નથી અને જે અમારી માંગણી છે તે રીતે કામ કરેલ નથી અને કરતા નથી. તો આવા લોકોને તાત્કાલીક કામ બંધ કરાવીને બીજો લોકોને સોંપવામાં આવે તેવી માંગ કરીએ છીએ.

વધુમાં જણાવેલ છે કે, અત્યારે જે લોકો કામ કરે તે માટે મસમોટા ખોટા બીલો બનાવી નગરપાલિકાને ખોટા ફોટા પાડીને બીલો બનાવીને કામ કરે છે. તો આવી એજન્સીને તાત્કાલીક કામ અટકાવુ તેમજ એકપણ જાતનુ બીલ ન ચૂકવવુ. આ વિસ્તારનો વર્ષો જુનો પ્રશ્ન હોવાથી સાફ–સફાઈ તેમજ વ્યવસ્થિત સમાર કામ થાય તો ૨૦૦ જેટલા મકાનોને લાભ થાય અને દર ચોમાસે જે ગરીબ લોકોના ઘરમાં પાણી ઘુસી જાય છે અને ઘર વખરીને જે નુકસાન થાય છે તે અટકી શકે. આ પ્રશ્ન આ વિસ્તારનો મહત્વનો પ્રશ્ન હોવાથી તાત્કાલીક ધોરણે કાર્યવાહી કરવી. જો આવા ખોટા બીલો ચૂકવવામાં આવશે તો ચીફ ઓફિસર, આરોગ્ય વિભાગના એસ.આઈ. તેમજ જે તે અધિકારીઓની જવાબદારી રહેશે તેમ પત્રમાં જણાવેલ છે.

ખેડુતો અને સ્થાનિકોને ખોટી રીતે ટલ્લે ચડાવાયા

દામનગરનાં ખોડિયારનગર વિસ્તારને ન્યાય કરવામાં પાલિકાનાં શાસકો બેદરકાર

જન પ્રતિનિધિઓએ દરમિયાનગીરી કરવી જોઈએ

દામનગર, તા. ૧૨

દામનગર શહેરમાં આર્થિક પછાત વસાહત ખોડિયારનગર અને ખેડૂતો ને પ્રાથમિક સુવિધા આપવા માં પાલિકા ના સત્તાધીશો ચાર દબાણદારો ની લાજ કાઢી રહ્યા છે હજારો લોકો ને બાન લેતા દબાણદારો ને રાજી રાખવા સત્તાધીશો કાયમી રસ્તો તો દૂર પણ હંગામી રસ્તો પણ આપી શક્યા નહી સબકા સાથ સબકા વિકાસ ભરોસાની સરકાર પણ દબાણદારો માટે સરકારી જમીન ઉપર થતા ગેરકાયદેસર દબાણો ઉપર પ્રતિબંધ ફરમાવતા લેન્ડ ગ્રેબીગ એક્ટ કાયદાથી જિલ્લા કલેકટરની જવાબદારી હોય તેમ છતાં વારંવાર રજૂઆતો રેલીઓ યોજાય પણ સ્થાનિક પાલિકાના સત્તાધીશો હજારો રાહદારીઓને બાનમાં લઈ રહ્યા છે માત્ર ચાર દબાણદારો ને રાજી રાખવા

અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,190/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૨/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

NCT CANDOR
IVF CENTER
WE ARE HIRING
✓ Receptionist
✓ Staff Nurse
JOIN NOW
Send your resume
7984691227
Time: 9 to 2 & 5 to 8
Address :
Gol Hospital, Chittal road, Amreli

LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
Up to 5% Cash Back Max. up to 2000/-*
*T&C Apply
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)